

કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૬૨મું
અંક ૨જો
ફેબ્રુઆરી ૧૯૮૫
સળંગ અંક
૭૩૪

તંત્રી
બિહારીલાલ ટાંક



◁ ▷

વર્ષાભીનાં પલ્લવ

ઇ. ૧૬૧૫થી ૧૮૬૮નો સમયગાળો જાપાનમાં 'ઇડો-કાળ' તરીકે ઓળખાય છે. એ કાળમાં ત્યાંના સામાજિક માળખામાં ઘણો ફેરફાર થયો. ચિત્રકલા પ્રત્યેનો અભિગમ પણ ત્યારે બદલાયો અને પ્રકૃતિનું નિરીક્ષણ વધવા સાથે ચિત્રાંકનોમાં પક્ષીપ્રાણી, જીવજંતુઓ પુષ્પો અને વૃક્ષડાળો વગેરેનું શોભનયુક્ત વાસ્તવિક નિરૂપણ વધ્યું. સુઝુકી કિઇત્સુ-(૧૭૯૬-૧૮૫૮)ની આ બે રેશમી ખાકિમોનો, એટલે કે ભાત ઉપર લટકાવવાનાં ચિત્રપટોમાં તેનો પ્રભાવ જોઈ શકાય છે. વરસાદની ઝડીમાં ભીંજાતી બે વૃક્ષડાળો દર્શાવતી તેની આ બંને કૃતિમાં તદ્દન આછી ઝાંયમાં એણે વરસતા વરસાદ અને તેમાં ભીંજાતાં પાનને અજબ કૌશલથી આલેખ્યાં છે.



અપ્સરા : સ્વર્ગની ચિરયૌવના સુંદરી એ અપ્સરા એવી એક કલ્પના છે. બીજી એક માન્યતા એવી પણ છે કે, જે હજી સર્જન પામી નથી અને દૈવી કલ્પનામાં જ હજી જેનું અસ્તિત્વ છે તે અરચિત સંભવિતતાને જે મૂર્ત રૂપે વ્યક્ત કરાય છે તે અપ્સરા. ઓરિસ્સામાં ભુવનેશ્વર, કોણાર્ક, ખજુરાહો વગેરે સ્થળે આવેલાં પ્રાચીન મંદિરોમાં આ અપ્સરાઓનાં અનેક સુંદર શિલ્પો છે. મુકતેશ્વરનું મંદિર પણ ત્યાંનું આવું જ એક શિલ્પખચિત પ્રાચીન મંદિર છે, જેમાંની આ પ્રતિમા લગભગ દસમી સદીમાં રેતિયા પથ્થરમાં કંડારાએલી હોવા છતાં આજે યે હજી કેટલી સારી સ્થિતિમાં સચવાઈ છે તે આ છબિમાં જોઈ શકાશે. અલંકાર-ખચિત દેહ, કેશગૂંફન, ભાવવાહી આંખો અને હોઠ પરનું સ્મિત વગેરે એ કાળના શિલ્પીઓની સિદ્ધિ અને તેમના કલ્પના-વૈભવનાં દ્યોતક છે.

અંતરંગ

ફેબ્રુઆરી ૧૯૮૫
સળંગ અંક ૭૩૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત · મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર ચકલા · અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૪૦-૦૦; પરદેશ : રૂ. ૧૦૦-૦૦ અથવા પાઉન્ડ ૮ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૪-૦૦

ટેટી / ઉશનસ્

- શિખરિણી સૉનેટ -

કહેવાતું ખાલીખમ – ન કશું, તે શૂન્ય ય અહો,
સ્વયં તો ટેટી છે અખિલ, બીજ ખીચોખીચ ભરી!
પ્રતિ પેશી પૂરું પરિણમન પામી રસ-ઝરી,
સ્ફુરે તંતુ તંતુ સજીવ, કરથી ક્યાંયથી અહો;

અહીંહો છે આખો વડ વિટપડૂંખે પરણમાં,
લહું ટેટીમાત્રે લૂમઝૂમ પૂરી પાકી ગલ જે,
અને અકેકી તે રવ રવ થતી ઝંકરણમાં,
ખચી કોટિ બીજે, બીજબીજ નર્યો પ્રાણ છલકે!

બધી આ ટેટીમાં પૃથિવી તણી, પાકી કંઈ વધુ,
સડયાં બીજે, તેથી ગળચટી કંઈ, છિદ્રિત ફૂરું,
હું પેશીપેશીમાં ઈયળ સરખો પેસું–નીકળું,
અથાયો ચાખું છું પ્રથમીરસનો કોષ સુમધુ;

શકે ફૂટી બ્યાહી વડ અવર, તો સંભવ અહીં;
અશી બીજેબીજે સ્ફુરી પ્રસવની રવૂરવ રહી.

નોતરાં / જયન્ત પાઠક

• ગાન •

એન અંકાશી આવ્યાં રે નોતરાં
જીવ હવે મેલો આ ફોલવાનું ફોતરાં!
ભૂરા ભૂરા તે ઊભા મ્હેલની અટારીએથી
ઊતરતી આંખ જુઓ આંખમાં;

તારાટપકીથી તેજ ટપકતી રાત એની
પોઢાડે હૂંફભરી પાંખમાં;
આભ ઓરું ને આઘાં પ્રથમી-ઘરાં
જીવ જુઓ આંખો ઉઘાડીને અગોચરાં.

ખંખેરી ધૂળ બધી નાખો ને મેલ ચડયા
ધોઈ લિયો ખળખળતી ગંગમાં;
ચોખ્ખીચણાક કરી જાતને આ ઓચ્છવમાં
અણુથંભ્યા રમવા દો રંગમાં;

ઇજન આવ્યાં રે આગોતરાં
જીવ દિયો ફંગોળી જર્જર આ જોતરાં!

દોષી / દેવજી રા. મોઢા

• ઇન્દ્રવંશા-સૉનેટ •

માતાપિતાનાં હૂંફ-હેત માણતી,
દાદામુખેથી સુણતી તું વારતા,
દાદીથી સ્પર્શાઈ રહેતી મસ્તકે
ને ભાંડુના ભાવ-જળે ભીની થતી!

સાહેલીના આદર-સ્નેહ કામતી;
પાડોશણોનો પણ પ્રેમ પામતી;
ને મીઠડી મૈયર-ભોમમાં ઊગી
હો' વેલની-શી જડ જામતી જતી–

ત્યારે જ હા! નિષ્ઠુર થૈ તને મેં
ઉપાડી આખ્ખી મૃદ-પિંડ સોતી
લાવ્યો અહીં ઊષર આ ધરામાં,
ઊગી શકે તો ફરી વાવવાને!

વાવી, ઊગી, અંકુરી, ફૂટી, વિસ્તરીઃ
હું દોષી એ વાત શકયો ન વિસ્મરી!

હંકાર નાવ પાછી

નરેન્દ્રકુમાર શુક્લ 'ગોરખ'

- ગઝલ -

થાયે વિલય તરંગો સાગર તરીતરીને,
અરમાન ડૂબતાં ત્યમ અંતરમાં થરથરીને.

કેવી તરસ દીધી હો મૃગજલના રંગમાં તેં?
જંપી ગયું હૃદય જો આહો ભરીભરીને!


પંપાળતી હવે ખુદ નજરોને વેદનાઓ,
ઝંખે દશે દિશાઓ આશા ધરીધરીને!

તોફાન મૌનનું તું સમજે કદી ન સમજે
પણ વ્યોમના સિતારા રડશે ખરીખરીને.

વિશ્રામ એમનો ક્યાં જે દર્દ લઈને જન્મ્યા?
કે આગ કેટલીએ પીશે ઠરીઠરીને?

ઊભા હશે ચરણ આ માલૂમ ન ક્યાં સવારે!
મળતા નથી મુસાફર પાછા ફરીફરીને.

હંકાર નાવ પાછી આ તો છે એ જ દુનિયા!
જાશું ભલા ફરીથી રે રે શું પરહરીને!



સ્વ. મિ. ઍાઝાન (૧૮૯૩ - ૧૯૮૪)

પ્રો. કલપાથી રામકૃષ્ણન્ રામનાથન્

ડૉ. સુશ્રુત પટેલ

તારીખ ૩૧ ડિસેમ્બર, ૧૯૮૪, વાર સોમ. સમય પરોઢના ૩ કલાક અને ૨૫ મિનિટ. જેમનાં સંશોધન બદલ સમગ્ર દેશ ગૌરવ લઈ શકે તેવા દુનિયાના એક પ્રખર હવામાનશાસ્ત્રી પ્રો. કલપાથી રામકૃષ્ણન્ રામનાથને ટૂંકી માંદગી બાદ પોતાનાં ફેફસાંમાં છેલ્લો શ્વાસ ભર્યો. એમની વય ત્યારે ૯૧ વર્ષ જેટલી હતી.

કહે છે કે સૂર્યપુત્ર કર્ણ જ્યારે હણાયો ત્યારે સૂર્ય વાદળની ઓથે ઘડીક છુપાઈ ગએલો. એ વહેલી સવારે આકાશમાં વાદળોએ ક્યાંક આછો ઘંટારવ કર્યો : 'દયામય મંગલ મંદિર ખોલો,' અને હવામાને ખામોશ રહીને પોતાના એક વહાલસોયા પુત્રને અંજલિ આપી.

અમદાવાદમાં આઝાદ સોસાએટી પાસે આવેલા 'પાર્વતી' નામના બંગલામાં મેં પગ મૂક્યો ત્યારે એક સમયે સંસ્કૃતના શ્લોકોથી ચહેકતા એ ઘરના અક્ષાંશરેખાંશ બદલાએલા અનુભવ્યા. લુપ્ત થઈ ગએલા વૈજ્ઞાનિકના નામનું રટણ કરતી પવનલહેરી અરણ્યની યાદ આપતી ગઈ. એમના એકમાત્ર હયાત પુત્રે જ્યારે મને એમનું ખાનગી પુસ્તકાલય બતાવ્યું ત્યારે ત્યાંના મૌનમાં આ મહાનુભાવના શ્વાસની મહેક પ્રસરી રહી. કેટલા બધા વિષયો પરનાં પુસ્તકો ! પહેલી નજરે પણ કવિતા, સાહિત્ય, ઇતિહાસ અને પુરાણ પરના વિષયો પકડી

શક્યો. ઈ. સ. ૧૯૫૧માં અવસાન પામેલાં એમનાં પત્ની પાર્વતીબહેનનો ફોટો હું જોઈ રહ્યો. આજે આ કુટુંબમાં એક પુત્ર અને ચાર પુત્રીઓ હયાત છે.

એ પછી છેક આરંભકાળથી જેની સાથે પ્રો. રામનાથન્ સંકળાએલા રહેલા તે 'ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી' (PRL)ની મુલાકાત લેવા મન ઊછળી રહ્યું. આગળના મૂળ મકાનમાં ૦૦૩ નંબર લગાવેલો એક ઓરડો છે. એમાં પ્રો. રામનાથન્ અને એવા જ પ્રખર હવામાન શાસ્ત્રી પ્રો. પી. આર. પિશેરોટી વર્ષોથી સાથે બેસતા. એમની મુલાકાત લીધી. કપાળે ત્રિપુંડથી શોભતા સંસ્કૃતના પ્રખર વિદ્વાન પ્રો. પિશેરોટીને મેં પૂછ્યું અને એ રામનાથનની યાદોમાં ખોવાઈ ગયા. ચોતરફ શબ્દો વ્યાપી રહ્યા. બહાર વાવેલા થોડાક ફૂલછોડ ઑફિસનાં કુટુંબીજન બનીને સાંભળવા જાણે કે અધીરા થઈ ઊઠ્યા.

આજે તો ટીવી પર આપણે ઉપગ્રહો દ્વારા લીધેલા ફોટોગ્રાફ જોઇએ છીએ અને હવામાનના વર્તારા દેખી તથા સાંભળી શકીએ છીએ. આ વખતે ઘણાંને ખયાલ પણ નહિ હોય કે એ બધાની પાછળ આપણા એક સ્વર્ગસ્થ ગુજરાતી ડૉ. ભીમભાઈ એન. દેસાઈ તથા પ્રો. રામનાથન્ જેવા વૈજ્ઞાનિકોના અથાગ પરિશ્રમનો આખો ઇતિહાસ ધરબાએલો પડ્યો છે. એક કાળે પ્રો. રામનાથને તૈયાર કરેલા હવામાનના નકશાઓ પરથી આખા દેશમાં પથરાએલી હવામાનની કચેરીઓ હવામાન સંબંધી આગાહીઓ કરતી હતી.

પ્રો. કે. આર. રામનાથન્નો જન્મ ૨૮ ફેબ્રુઆરી ૧૮૯૩ના રોજ કેરાલાના કલપાથી ગામે થએલો. પિતા સંસ્કૃતના વિદ્વાન. મૂળે હિન્દુ બ્રાહ્મણ. સંસ્કૃતનું એક પ્રેસ પણ ચલાવતા. સંસ્કૃત ઉપરાંત તામિલ અને મલયાલમ ભાષાના જાણકાર. ખગોળ તેમજ જ્યોતિષ પણ સારું જાણતા. સંતાનમાં રામનાથન્ અને પાંચ પુત્રીઓ. રામનાથનનો નંબર બીજો.

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ સ્કૉલરશિપ સાથે ગામમાં જ લીધું. અહીં બચપણનાં સોળ વર્ષો વિતાવ્યાં. સારા હસ્તાક્ષરો બદલ ઈનામ પણ મળેલું. આ ટેવ જિંદગીપર્યંત રહી. એમનાં પ્રવચનો સાંભળીએ ત્યારે બ્લૅકબૉર્ડ ઉપર લખાતા મરોડદાર અક્ષરો તરત ધ્યાન પર આવે. એ પછી હાઈસ્કૂલ અને ઈન્ટરમીડિએટના વર્ગો માટે પાલઘટમાં આવેલી ગવર્નમેન્ટ વિક્ટોરિયા કૉલેજમાં, અને ઈ. ૧૯૧૧માં મદ્રાસની પ્રખ્યાત પ્રેસિડેન્સી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ભૌતિકશાસ્ત્રમાં બૅચલર તથા માસ્ટરની ડિગ્રીઓ મેળવી. ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર જોન્સ (Jones) કૉલેજ ઉપરાંત, મદ્રાસ વેધશાળાનો પણ હવાલો સંભાળતા હતા. અહીં જ રામનાથનને બૅરોમીટર તથા એના જેવાં હવામાનને લગતાં અન્ય ઉપકરણોનો સીધો પરિચય થયો. એ પ્રદેશમાં થતી વર્ષાનો તુલનાત્મક અભ્યાસ કરવાની પદ્ધતિ પણ એમણે ત્યાં શીખી લીધી.

અહીં ઈ. સ. ૧૯૧૪માં છેલ્લી પરીક્ષામાંના એક પરીક્ષક તે પ્રો. સ્ટીફન્સન (Stephenson) તો એમનાથી એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે રામનાથનને પોતાની કૉલેજમાં પ્રયોગશાળામાં મદદનીશ અધ્યાપક (ડેમોન્સ્ટ્રેટર) તરીકે જોડાવાનું આમંત્રણ આપી દીધું. આ તક ઝડપી લઇને યુવાન રામનાથન્ ત્રિવેન્દ્રમ ખાતેની મહારાજા કૉલેજમાં ફરજ બજાવવા ઊપડી ગયા.

અહીં એમને બેવડો લાભ થયો. કૉલેજની પ્રયોગશાળામાં ઉપકરણે જાતે જ બનાવીને જે પ્રયોગો કરવા હોય તે કરવાની છૂટ મળી અને ત્રિવેન્દ્રમમાં આવેલી વેધશાળામાં જવાની પણ રજા મળી. અહીં જ્હૉન એલાન બ્રાઉન (Jhon Allan Broun) નામના એક સ્કૉટિશ પ્રોફેસર જોડે ઓળખાણ થઈ. આ વેધશાળા વિષુવવૃત્તની નજદીક

જેમણે કરેલા નકશાઓના આધારે એક કાળે દેશના હવામાનની આગાહીઓ થતી, ભારત અને તેની આસપાસના પ્રદેશોના વાયુમંડળમાં વહેતા પ્રવાહો અંગે જેમણે સંશોધનો કરેલાં, પૃથ્વી ઉપર ઠંડામાં ઠંડી હવા ધ્રુવ પ્રદેશોની ઉપરના નહિ, પરંતુ વિષુવવૃત્ત ઉપરના વાતાવરણમાં હોવાની જેમણે શોધ કરેલી અને હવામાન અંગે અન્ય અનેક સંશોધનો કરી જેઓ 'દીવાન બહાદુર' તથા 'પદ્મવિભૂષણ' સહિત અનેક માન-સમ્માનોથી સમ્માનિત થએલા.

હોઈ અમુક પ્રકારનાં અવલોકનો માટે અનુકૂળતા હોવાથી એ પ્રોફેસર ત્યાં ચાહીને આવેલા. એમની પ્રેરણાથી એ પ્રદેશમાં પડતા વરસાદ અંગેની એક વિસ્તૃત મોજણી રામનાથને કરી. અને જરૂરી નકશો તૈયાર કર્યો. વળી, વેધશાળાએ પ્રસિદ્ધ કરવા ધારેલા હવામાનના આંકડાઓમાં રહેલી આર્દ્રતા (humidity) સંબંધી કેટલીક ત્રુટિઓ તરફ પણ સત્તાવાળાઓનું ધ્યાન દોર્યું. આની કદરરૂપે ત્રિવેન્દ્રમ વેધશાળાએ ઈ. સ. ૧૯૧૮માં એમને પોતાના માનદ્ ડાયરેક્ટર બનાવ્યા. રામનાથને નોંધ્યું કે અન્ય મહિનાઓની અપેક્ષાએ મે અને ઑક્ટોબર મહિનાઓમાં વાવાઝોડાં અને મૂશળધાર વરસાદનું પ્રમાણ સહુથી વધારે રહેતું હતું. આ અંગે ઈ. સ. ૧૯૧૯માં એમણે એક સંશોધન-લેખ પ્રસિદ્ધ કર્યો. આ એમનો પ્રથમ વૈજ્ઞાનિક લેખ હતો.

સર સી. વી. રામન માટે રામનાથનને અનહદ માન હતું. એમના 'નેચર' તથા અન્ય વૈજ્ઞાનિક સામયિકોમાં છપાતા લેખો એ રસપૂર્વક વાંચતા. રામનની જેમ એમણે પોતે પણ પ્રકાશના પ્રકીર્ણન (scattering of light) ઉપર ઠીકઠીક સંશોધન કર્યું. અને એ સંબંધી એમની સાથે પત્રવ્યવહાર પણ કર્યો.

એ પછી રામન ઈ. સ. ૧૯૨૧માં કલકત્તા ખાતેના 'ઇન્ડિયન એસોસીએશન ફૉર ધી કલ્ટિવેશન ઑફ સાયન્સ'માં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર તરીકે નિમાયા ત્યારે એમણે રામનાથનને પોતાની સાથે સંશોધનમાં જોડાવા આમંત્રણ આપ્યું. આમ આઠેક વર્ષ ત્રિવેન્દ્રમ રહીને એ કલકત્તા જવા ઊપડયા. આ માટે મદ્રાસ યુનિવર્સિટીએ એમને 'રિસર્ચ સ્કૉલરશિપ' આપી. કલકત્તામાં તેઓ રામનની સાથે જ રહ્યા. રામન એ અરસામાં 'Molecular Diffraction of Light' નામનું એક પુસ્તક લખી રહ્યા હતા, જે ઈ. સ. ૧૯૨૨માં પ્રસિદ્ધ થયું. આ પુસ્તક પ્રકાશના વિવર્તન (diffraction) અને અણુઓ વચ્ચેની પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડે છે. એમાં પાછળથી પ્રચલિત થએલા 'ક્વૉન્ટમ-વાદ'ના પણ સંકેત સાંપડે છે.

કલકત્તા ગયા પહેલાં જ રામનાથને પ્રકાશના વિવર્તન અંગે જેટલું મળે તેટલું વાંચી કાઢેલું હોઈ રામન માટે એ બહુ ઉપયોગી બની રહ્યા. રામનાથને અહીં રહીને આ જ વિષય ઉપર અને પ્રવાહી, વાયુઓ તથા એવાં અનેક સંયોજનોમાં ક્ષ-કિરણોના વિવર્તનનો પણ અભ્યાસ કરીને સંખ્યાબંધ પ્રયોગો કર્યા. આમાં જ્યાં જરૂર જણાય ત્યાં તેઓ જાતે જ નવાં ઉપકરણો બનાવી લેતા. આમ, એક વર્ષથી પણ ઓછા સમયમાં એમણે આશરે દસથી બાર જેટલા સંશોધન-લેખોનો ફાલ ઉતાર્યો. આ સંશોધન-લેખોની ગુણવત્તાથી પ્રેરાઇને મદ્રાસ યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની ડિગ્રી એનાયત કરી. આવું માન અને આવી ડિગ્રી મેળવનાર મદ્રાસ યુનિવર્સિટીના એ સર્વપ્રથમ વિદ્યાર્થી હતા. આમ વૈજ્ઞાનિક આલમમાં રામન-રામનાથન-જોડીએ પૂર્ણ તેજે પ્રકાશવા માંડ્યું.

આ બધો સમય રામનાથન ઓછા વેતનને કારણે આર્થિક ભીંસ અનુભવતા હતા તેવે સમયે રંગૂન યુનિવર્સિટી તરફથી તેડું આવતાં ઈ. સ. ૧૯૨૨માં એ ત્યાં ગયા. આ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રમાં આસિસ્ટન્ટ લેક્ચરર તરીકે એમને સારું વેતન મળતું. એ સમયે તો બરમા (બ્રહ્મદેશ) ભારતનો જ એક ભાગ હતું. ત્યાં રહીને પણ એમણે કલકત્તા ખાતેના સંપર્કો જાળવી રાખેલા. રંગૂનમાં મળતી નવરાશની પળોમાં પ્રકાશના પ્રકીર્ણન ઉપરનું પોતાનું સંશોધન પણ ચાલુ રાખેલું અને લાંબી રજાઓ દરમિયાન સર સી. વી. રામન પાસે પણ જતા-આવતા રહેતા.

એ સમયે કલકત્તા-રંગૂનની મુસાફરી દરિયાઈ માર્ગે થતી. આવી એક મુસાફરી દરમિયાન જ રામનાથને સમુદ્ર પર પરાવર્તિત થતા પ્રકાશનો અભ્યાસ કર્યો. ઘણે ઠેકાણેથી સમુદ્રના પાણીના નમૂના પણ લીધા. એમણે જોયું કે જેમ કિનારા તરફ જઇએ તેમ દરિયાના પાણીનો રંગ બદલાતો જતો હતો. જેમ કે ઊંડા જઇએ તેમ રંગ નીલો કે ભૂરો, તથા કિનારા તરફ જતાં લીલો થતો જતો હતો. આનો મતલબ એ કે કિનારા તરફ જતાં લાંબી તરંગ-લંબાઈવાળો રંગ જોર પકડતો જતો હતો. બંગાળના ઉપસાગરમાંના આ સાદા, પણ અત્યંત મહત્ત્વપૂર્ણ નિરીક્ષણને આધારે સપ્ટેમ્બર ૧૯૨૩માં 'On the Colour of the sea' નામનો એક સંશોધન લેખ 'ફિલૉસૉફિકલ મૅગેઝિન'માં પ્રસિદ્ધ થયો. આ શોધનાં નિરીક્ષણો સર રામન સાથેના વિચારો સાથે ઘણીબધી રીતે સુસંગત હતા. એક રીતે જોતાં પાણીના અણુઓ અને ક્વૉન્ટમ-વાદ મુજબ પ્રકાશ, કે જે ફોટોન નામના કણોનો બનેલો છે, એ બિની અથડામણ જ આ માટે જવાબદાર હતી. વધુ અભ્યાસે રામનાથને જોયું કે આ સમયે એક અણધાર્યું ધ્રુવીભવન (Polarisation) જોવા મળતું હતું. અથવા કહો કે પ્રકીર્ણન-પ્રકાશના શેરડા સાથે એક નબળા પ્રકારનું પ્રસ્ફુરણ કે પ્રતિદીપ્તિ (weak fluorescence) પણ જોવા મળતું હતું. આ વધારાનું પ્રસ્ફુરણ શા માટે? પ્રવાહી (અહીં પાણી)માં રહેલી કેટલીક અશુદ્ધિઓ આ માટે જવાબદાર હોવાનું રામનાથને જણાવ્યું.

રામન સાથેની ચર્ચા દરમિયાન આ કારણ રામનને ગળે ઊતર્યું નહિ. એમણે કહ્યું કે આમ થવાનું કારણ પદાર્થમાંની અશુદ્ધિ નહિ, બલ્કે એ એની એક લાક્ષણિકતા હોવાને કારણે છે. આને પરિણામે 'નબળા પ્રસ્ફુરણ' ઉપર રામને કેટલાંક વર્ષો સુધી સંશોધન કર્યું, જેને પરિણામે ઈ. સ. ૧૯૨૮માં એક શકવર્તી શોધ થઈ, જે આજે રામન-પ્રભાવ (Raman effect) તરીકે ઓળખાય છે. આ શોધે રામનને ઈ. સ. ૧૯૩૦ના વર્ષનું ભૌતિકશાસ્ત્રમાં નૉબેલ પારિતોષિક રળી આપ્યું. આમ 'રામન ઇફેક્ટ'ના ઘડતરમાં રામનાથનનો ફાળો બહુ નોંધપાત્ર હતો એ હકીકત બહુ ઓછા જાણે છે. ખુદ રામનાથન્ પણ એટલા નમ્ર હતા કે આ અંગે એમણે જાહેરમાં ક્યારેય ઉલ્લેખ સુધ્ધાં કર્યો નથી.

એમના સ્વભાવની વાત નીકળી છે તો એક બીજી પણ આડવાત અહીં કરી લઇએ. એમનું સ્વાસ્થ્ય છેક છેલ્લે સુધી સારું રહ્યું હતું. છેક ૮૭ વર્ષની ઉમર સુધી પોતે ગાડી હંકારતા હતા. રોજ સવારે બહુ નિયમિતપણે સાડા પાંચના સુમારે ચાલવા જતા હતા, અને પોતાનાં કપડાં તેઓ જાતે ધોઈ લેતા હતા.

રંગૂન યુનિવર્સિટીમાં ત્રણેક વર્ષ રહ્યા પછી રાજીનામું આપીને એ વખતની સરકારના હવામાનખાતામાં એક સીનિયર હવામાનશાસ્ત્રી


તરીકે જોડાયા. આ એક બહુ મોટું માન હતું. કારણ કે એ સમયે બધી જ સીનિઅર જગ્યાઓ અંગ્રેજોથી ભરેલી હતી. વળી, ભારતની સઘળી વેધશાળાઓના ડાયરેક્ટર જનરલ સર ગિલ્બર્ટ વૉકર (Sir Gilbert Walker) તથા ડૉ. નૉર્મંન્ડ (Normand પાછળથી સર ચાર્લ્સ) જેવા સીનિયર હવામાનશાસ્ત્રીએ એમને સામે ચાલીને નિમંત્ર્યા હતા.

એ સમયે ભારતના વાયુશાસ્ત્રખાતાની વડી કચેરી સિમલામાં હતી. ઈ. સ. ૧૯૨૫માં રામનાથન સિમલા પહોંચ્યા. અહીં રહીને પણ એમણે પ્રકાશના પ્રકીર્ણન ઉપર થોડુંઘણું સંશોધન કર્યું. આ સંશોધન સૂર્યાસ્ત અને સૂર્યોદય વખતે જોવા મળતા પ્રકાશ કે આભા સંબંધી હતું. આ અંગેનો સંશોધનલેખ પણ પ્રસિદ્ધ થયો.

અહીં એક વસ્તુ નોંધવી જોઈએ કે એ અરસામાં એટલે કે ઈ. સ. ૧૯૨૦ અને એ પછી પણ કેટલાંય વર્ષો સુધી ભારતમાં આજના જેટલી યુનિવર્સિટીઓ કે સંશોધન-સંસ્થાઓ ન હતી. એટલે શિખાઉ યુવાન વૈજ્ઞાનિકો કે પછી પીઢ વૈજ્ઞાનિકો માટે હવામાનખાતામાં જોડાવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નહિ. વળી, આ ખાતામાં સંશોધનોની પુષ્કળ સગવડો પણ મળી રહેતી. માત્ર હવામાન ઉપર જ નહિ, ભૂ-ચુંબકત્વ (geomagnetism), સૌર ભૌતિકશાસ્ત્ર (solar physics), સૌર અને વાયુમંડળના વિકિરણ, રાત્રિના આકાશનો વર્ણપટ (spectrum of the night sky) તથા ભૂકમ્પ-વિજ્ઞાન (seismology) જેવા વિષયો ઉપર પણ સંશોધન થતાં.

પ્રો. રામનાથને ઉપર જોયા તે બધા જ વિષયો ઉપર પુષ્કળ સંશોધનો કર્યાં છે આ ઉપરાંત હવામાનશાસ્ત્રને લગતા પ્રકાશશાસ્ત્ર તથા ધ્વનિશાસ્ત્ર સંબંધિત સંશોધનો, ભારતના મોન્સૂન (ચોમાસુ), એનાં તોફાન, પવનનાં ફરકાં (depressions) તથા ભારતીય સમુદ્રમાં જોવા મળતા ચક્રવાત (cyclones) તથા ભારત અને એની આસપાસના પ્રદેશોના વાયુમંડળમાં વહેતા પ્રવાહો અંગે ઘણું બધું મૂળભૂત સંશોધન કર્યું છે. પણ એમનો વધુ ઝોક વાયુમંડળમાં થતાં ઉષ્ણતામાનના ફેરફારો તથા હવાના હલન-ચલન તરફ રહ્યો છે. ઉપરના સ્તરે ફૂંકાતા હવાના પ્રબળ પ્રવાહો (જેટ સ્ટ્રીમ) અંગે પશ્ચિમના વૈજ્ઞાનિકો અંધારામાં હતા ત્યારે એમનાથી ખાસ્સાં વર્ષો અગાઉ રામનાથને આવા પ્રવાહો હોવાનું જણાવેલું.

વિમાની ઉડ્ડયનોનો રીતસરનો પ્રારંભ થતાં હવામાન અંગે વધુ ચોકસાઇ મળી રહે એ માટે એમને આગરા મોકલવામાં આવ્યા. અહીંથી એમણે હાઇડ્રોજન વાયુ ભરેલાં બલૂનો ઉડાડ્યાં. જેમાં મૂકેલાં સંવેદી મોસમલેખી (Meteorographs) ઉપકરણોએ પૃથ્વીને



વિંટળાએલા વાયુમંડળમાંના સહુથી નીચલા સ્તર એટલે કે ટ્રોપોસ્ફીઅર અંગે માહિતી મેળવી, એટલું જ નહિ, એથી ઉપરના, આશરે ૧૧ કિલોમીટર (૭ માઈલ) સુધી પથરાએલા સ્ટ્રેટોસ્ફીઅર અંગે પણ માહિતી આપી. એ પછી છેક ૩૦ થી ૩૫ કિલોમીટર સુધીની ઊંચાઈ સુધીની માહિતી એમણે મેળવી. અને આ જ અરસામાં એમણે એક અતિ મહત્ત્વની શોધ પણ કરી.

બાજુમાં નીચે જે ચાર્ટ આપેલો છે, તે તેમણે જાતે દોરેલો છે. આ અંગેનો એક પત્ર જૂન, ૧૯૨૯ના 'નેચર' નામના પ્રખ્યાત સામયિકમાં તેમણે લખેલો. આ આકૃતિ પૃથ્વીના ૨૫ કિલોમીટર જેટલી ઊંચાઇએ આવેલા વાયુમંડળની ઉનાળા તથા શિયાળા દરમિયાન થતા ઉષ્ણતામાનની વહેંચણી (વિતરણ)નો ચિતાર આપે છે. એનો વિસ્તાર ઉત્તર ગોળાર્ધ છે.

આ આકૃતિ દર્શાવે છે કે સ્ટ્રેટોસ્ફીઅર નામનું હવાનું સ્તર કોઈ એક સ્થળ માટે સમતાપી (isothermal) રહી શકે નહિ. વળી, અમુક ઊંચાઈએ ગયા પછી જેમ વધુ ઊંચે જઇએ તેમતેમ ઉષ્ણતામાન પણ વધતું જવાનું. આ ઉપરાંત, રામનાથને એક મહત્ત્વનું તારણ એ કાઢયું કે પૃથ્વી ઉપર ઠંડામાં ઠંડી હવા પૃથ્વીના ધ્રુવ પ્રદેશો ઉપર નહિ, પણ વિષુવવૃત્તની ઉપર જોવા મળે છે.


આજથી ૫૬ વર્ષ અગાઉ દોરાએલી આ આકૃતિ અને એનાં તારણોનું મહત્ત્વ તથા ઔચિત્ય હજી આજે પણ એવાં ને એવાં જ અકબંધ રહ્યાં છે. આ શોધે એમને જગતવ્યાપી કીર્તિ આપી.

ઈ. સ. ૧૯૨૭માં સર ગિલ્બર્ટ વૉકરના પદે સર ચાર્લ્સ નૉર્મંન્ડ ડાયરેક્ટર-જનરલ તરીકે આવ્યા. એ પછી ઈ. સ. ૧૯૨૮માં વાયુશાસ્ત્રખાતાની મુખ્ય કચેરી સિમલાથી ખસીને પૂના (હાલના પૂણે) આવી. સર ચાર્લ્સે રામનાથનને નવી કામગીરી સોંપી. જે અનુસાર એમણે એક નકશો તૈયાર કર્યો, જેની સહાયથી એ કાળે સમગ્ર ભારતમાં હવામાન ખાતાની કચેરીઓ હવામાનના વર્તારા કરતી હતી. પૂનામાં એમણે ઘણા અભ્યાસુ અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ મળી શક્યા. જેમની સહાયથી એમણે અનેક સંશોધનો કર્યાં. આ બધાંને પરિણામે એમના અને એમના સાથીઓના નામે સંખ્યાબંધ સંશોધન-લેખોનો મારો ચાલુ થયો, જે દુનિયાના વિવિધ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સામયિકોમાં છપાતા રહ્યા.

'ઇન્ડિયન ઍકેડેમી ઑફ સાયન્સિસે' (બૅંગલોર) પ્રો. રામનાથનના વૈજ્ઞાનિક લેખોમાંથી ચૂંટેલા લેખોનો સંગ્રહ ૧૯૮૩માં બહાર પાડયો છે. બે ભાગમાં વહેંચાએલું આ પુસ્તક કુલ ૯૮૧ જેટલાં પાનાં ધરાવે છે. અને એમાં રામનાથનનાં પસંદ કરાએલાં ૭૮ જેટલાં સંશોધન-પેપરો મૂળ સ્વરૂપમાં સંગ્રહ પામેલાં છે. જિજ્ઞાસુએ એના ઉપર નજર નાખવા જેવી છે. આ પુસ્તકો રામનાથનની ૯૦મી વર્ષગાંઠના પ્રસંગ નિમિત્તે પ્રકટ કરવામાં આવેલાં.

મુંબઈ ખાતેની કોલાબા અને અલીબાગની ચુંબકીય તથા ભૂકંપ સંબંધી નિરીક્ષણો કરતી વેધશાળાના પણ તેઓ ઈ. ૧૯૩૬ થી ૧૯૩૮ સુધી ડાયરેક્ટર નિમાએલા. (આ 'કોલાબા વેધશાળા' ઉપર 'કુમાર' ઑક્ટોબર ૧૯૭૩, સળંગ અંક ૫૯૮માં આ જ લેખના લેખકનો એક વિસ્તૃત લેખ આવી ગયો છે.) વચ્ચે થોડા સમય પૂરતા કોડાઈકૅનાલની સૌર વેધશાળાના પણ તેઓ ડાયરેક્ટર નિમાએલા. કોલાબા અને કોડાઇકૅનાલ આ બંને સ્થળોએ એમણે બહુ પ્રશસ્ય કામગીરી કરી દેખાડી હતી.

આ જ અરસામાં એમણે જોયું કે સૂર્યમાંથી આવતું વિકિરણ ઉપરના વાયુમંડળમાં શોષાઈ જાય છે. ઇંગ્લૅન્ડના ડૉબ્સન (Dobson) તથા ફ્રાન્સના Vassy નામના વૈજ્ઞાનિકોના વાયુમંડળમાંના ઑઝોન



જૈન પ્રતિમાસ્થાપનનો વંથળી-લેખ

જૈન ધર્મના ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથ તેની ઐતિહાસિક મહત્તાના કારણે વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેમનું લાંછન ((ચિહ્ન) સર્પ છે. બે પ્રકારની તેમની મૂર્તિઓ મળે છે: ઊભી–કાયોત્સર્ગ અને ધ્યાનસ્થ – બેઠેલી. પ્રાયઃ તેમના મસ્તક ઉપર ધરણનાગની છાયા હોય છે.

પ્રસ્તુત લેખ પાર્શ્વનાથની પ્રતિમાના સ્થાપન અને જીર્ણોદ્ધારને લગતો છે. જૂનાગઢ જિલ્લાના વંથળી (વામનસ્થળી) ગામેથી એક મકાનનો પાયો ખોદતાં ઈ. સ. ૧૯૮૩ના અંતમાં મળી આવેલો આ લેખ હાલ સક્કરબાગ મ્યૂઝિયમ, જૂનાગઢમાં સંગૃહીત છે. કાળા આરસની લગભગ ૧૦૫×૩૦ સે. મી.નું માપ ધરાવતી પ્રતિમાની પીઠિકા (સ્ટૅન્ડ) ઉપર મૂર્તિ ન હોવા છતાં લેખ પરથી તે પાર્શ્વનાથની પ્રતિમાની હોવાનું નિશ્ચિત સ્વરૂપે કહી શકાય છે.

પીઠિકામાં બે સંવત-તિથિ અંકિત છે:

(૧) સંવત ૧૧૮૧ (ઈ. સ. ૧૧૨૫) માઘ સુદ ૧૧ ને શનિવાર.

(૨) સંવત ૧૩૪૪ (ઈ. સ. ૧૨૮૮) આસો સુદ ૩ ને ગુરુવાર.

સ્પષ્ટ, સ્વચ્છ અને વાચ્ય સંસ્કૃત ભાષામાં લખાયેલા બંને લેખમાંથી પ્રથમ સાલ પ્રતિમા-સ્થાપનની છે, તો બીજી પ્રતિમા જીર્ણોદ્ધારને લગતી છે. આમ એક જ પીઠિકામાં પ્રતિમા-સ્થાપન અને જીર્ણોદ્ધારની મિતિ અંકિત છે. પ્રતિમા-સ્થાપનની પ્રથમ તિથિમાં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપિત કર્યાનો ઉલ્લેખ છે, તો બીજી સાલમાં જીર્ણોદ્ધારનો.

સામાન્ય રીતે પાર્શ્વનાથની પ્રતિમાની પીઠિકામાં મધ્યમાં શક્તિ, બંને બાજુ અલંકૃત ગજરાજ અને વિકરાળ મુખવાળા સિંહ તેમજ ડાબા છેડે પાર્શ્વનાથનો યક્ષ પાર્શ્વ ને જમણા છેડે યક્ષિણી પદ્માવતી હોય છે. (ડૉ. અમીન જે. પી. 'ખંભાતનું મૂર્તિવિધાન પૃ. ૫૫.) શક્તિની નીચે ધર્મચક્ર અને તેની બંને બાજુ હરણ (મૃગયુગ્મ) હોય છે. પાર્શ્વનાથની શાસનદેવી (યક્ષિણી) પદ્માવતી છે. સામાન્ય રીતે એ ચતુર્ભુજા (કમળ, પાશ, અંકુશ અને ફળ ધારણ કરેલી) હોય છે. તેમને ૨૪ હાથ હોવાની પણ એક કલ્પના છે. તેમના વાહન તરીકે કૂકડો ને સર્પ હોય છે. (ડૉ. શાહ પ્રિયબાળા, 'જૈન મૂર્તિવિધાન, પૃ. ૧૧૩.)

પ્રસ્તુત પીઠિકામાં ઉપરોક્ત લગભગ તમામ લક્ષણો જોઈ શકાય છે. હા, એક અપવાદ છે: ડાબી બાજુ યક્ષના બદલે ગણેશ અંકિત છે. અલબત્ત, પીઠિકામાં ડાબી બાજુ ગણેશ (સામાન્ય તથા ચતુર્ભુજ) હોવાનું પણ સ્વીકારાયેલું છે. (ડૉ. પ્રિયબાળા શાહ, જૈન મૂર્તિવિધાન, પૃ. ૧૧૮) આ ઉપરાંત, મધ્યમાં શક્તિ બંને બાજુ ગજરાજ તેની પાસે સિંહ (વ્યાલ) અને જમણી બાજુ યક્ષિણી જોઈ શકાય છે. શક્તિની નીચે ચક્ર અને સમીપમાં મૃગયુગ્મ પણ અંકિત છે.

—હસમુખ વ્યાસ

અંગેનાં સંશોધનોએ એમને પ્રભાવિત કરેલા. આથી પ્રેરાઇને ઈ.સ. ૧૯૩૦માં એમણે કોડાઇકૅનાલ, પૂના અને દિલ્હી ખાતેની વેધશાળાઓમાં ઑઝોન અંગેનાં પોતાનાં આગવાં નિરીક્ષણો અને મૌલિક પ્રયોગો આરંભ્યા. ડૉ. રામનાથને ભારતના હવામાનમાં ઑઝોન તથા તમામ પ્રાણીસૃષ્ટિના જન્મ અને વિકાસ પર તેની અસરો વિષે એટલું તો નોંધપાત્ર સંશોધન કર્યું છે કે વિજ્ઞાનજગતમાં એમનું હુલામણું નામ 'મિ. ઓઝોન' પડી ગએલું !

એ પછી બીજું વિશ્વયુદ્ધ આવી પડતાં સંશોધન-પ્રવૃત્તિમાં મંદતા આવી ગઈ, પણ ખાતામાં એમની બઢતી પણ થઈ. એ પછી, ઈ. સ. ૧૯૪૪માં સર ચાર્લ્સ હોદ્દો છોડીને જતાં આખા ભારતની હવામાન કચેરીઓનો નવેસરથી કાયાકલ્પ કરવાની કામગીરી તેમને સોંપાઇ. આ કામ પણ એમણે કુશળતાથી પાર પાડ્યું.

'ઈન્ડિયન મીટીઅરૉલૉજિકલ ડિપાર્ટમેન્ટ'માં એમણે ઈ. સ. ૧૯૨૫થી ૧૯૪૮ સુધી, એટલે કે ૨૩ વર્ષ સુધી પુષ્કળ સંશોધનકાર્ય કર્યું. અંતે ૨૮ ફેબ્રુઆરી ૧૯૪૮ના દિવસે તેઓ નિવૃત્ત થયા. ત્યારે એમની ઉંમર પંચાવન વર્ષની હતી. સામાન્ય રીતે આ ઉંમરે માનવી આરામ કરવાનું વિચારે. પણ રામનાથનની જિંદગીનો તો જાણે કે બીજો તબક્કો શરૂ થયો હતો.

થયું એવું કે હવામાનશાસ્ત્રની સેવામાંથી નિવૃત્ત થાય એ પહેલાં તો એમને બે સ્થળેથી આમંત્રણ મળ્યાં હતાં. એક મળ્યું અમદાવાદથી અને બીજું પૂના યુનિવર્સિટીના વાઈસચાન્સેલર ડૉ. એમ. એસ. જયકર તરફથી. અમદાવાદનું આમંત્રણ પહેલાં મળ્યું હોવાથી એ સ્વીકારી લીધું. ડૉ. વિક્રમ સારાભાઈ અહીં એક અદ્યતન પ્રયોગશાળા સ્થાપી રહ્યા હતા. એમની વિનંતીથી આ સંસ્થાના પ્રથમ ડાયરેક્ટર તરીકેનો હોદ્દો રામનાથને સ્વીકાર્યો. આ સંસ્થા તે અહીંની 'ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી' (PRL). આમ તો આ સંસ્થાની સ્થાપના નવેમ્બર ૧૯૪૭માં થએલી, પણ રામનાથને પોતાનો હોદ્દો સંભાળ્યો પહેલી માર્ચ, ૧૯૪૮ના રોજ. આ પદે તેઓ છેક ઈ.સ. ૧૯૬૬ સુધી રહ્યા. એ પછી સંસ્થાના ઈમેરિટસ પ્રોફેસર તરીકે જીવનના અંત સુધી રહ્યા. વિક્રમભાઇએ સ્થાપેલું 'કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર' (વિક્રમભાઈના અવસાન બાદ 'વિક્રમ સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર') રામનાથનનું પ્રિય સ્થળ હતું. નાનાં ભૂલકાંઓ સાથે વાર્તાલાપ કરતા મેં એમને અહીં ઘણી વાર જોયા છે.

વિવિધ કારણો ઊભાં કરીને છાશવારે પરદેશ જતા આજના આપણા વૈજ્ઞાનિકોએ રામનાથનનો ધડો લેવા જેવો છે. એ જ્યાં સુધી સરકારી નોકરીમાં હતા ત્યાં સુધી, એટલે કે ૫૫ વર્ષ સુધી ભારતની બહાર ગયા ન હતા. હા, બરમા ગએલા. પણ ત્યારે તો એ પ્રદેશ ભારતનો જ એક ભાગ હતો. એટલે એને 'પરદેશ' કહી શકાય નહિ. અમ-

થોડા જ દિવસ પહેલાં મહેરોલીમાં કુતુબમિનાર પાસે આપણી પહેલી મુલાકાત થઈ. અને આટલા દિવસમાં તો આપણો પરિચય એ કુતુબમિનાર જેટલી બુલંદીએ પહોંચી ગયો. મહારાષ્ટ્ર હાઉસમાં તેં મને તારા જીજાજીની વગથી સારી સર્વિસ પણ અપાવી દીધી, અને આજે હું અહીં તારી સાથે આવા અદ્ભુત સમારંભમાં ભાગ લઈ રહ્યો છું! એટલું ઝડપથી આ બની ગયું કે મારી સમજમાં હજી ઊતરતું નથી. આ સ્વપ્ન તો નથી ને, ડીઅર?'

એક પછી એક કાર્યક્રમ આગળ વધી રહ્યો હતો. ડૉ. ચન્દ્રએ પ્રદર્શિત ચિત્રોનો વિગતે પરિચય આપવા માંડ્યો. જે ચિત્ર વિષે એ બોલતા હતા તે તે ચિત્ર ફ્લડલાઈટથી ઝળહળતું જતું હતું. 'રાધા' વિષે એમણે કહ્યું, 'બનીઠની નામની એક નર્તકી ઉપર નિહાલચંદ્રને બેહદ પ્રેમ હતો. આ 'રાધા'ના ચિત્રમાં તેણે એ બનીઠનીના નિરપવાદ સૌન્દર્યને કિશનગઢ શૈલીમાં અતિ સુંદર રીતે ઉતાર્યું છે. રાજકુળની હોવા છતાં નિહાલચંદની આંખોની સાત્વિકતામાં ભળીને એ 'રાધા' બની ગઈ. પણ આ રાધાનું અસલ ચિત્ર ચોરાઈ ગયું. કિશનગઢના સંગ્રહમાં છે તે ચિત્ર તો તેની નકલ સાબિત થયું છે. મિ. રૂહેને ભારતને ભારતને ભેટ આપવા મોકલ્યું છે એ પણ નકલ પૂરવાર થયું છે. આપ આ બંને ચિત્રો અહીં જોઈ શકશો. આ બંને ચિત્રો જો નકલ હોય તો અસલ ચિત્ર કેવું હશે તે પણ આપ કલ્પી શકશો...'

એવામાં મંચ ઉપર મંત્રીશ્રી સામે મૂકેલો સોનેરી કારીગરીથી અલંકૃત ટેલિફોન રણકી ઊઠ્યો. અર્જુનસિંહે ઇશારો કર્યો એટલે મંત્રીશ્રી શ્રીનિવાસે એ ફોન ઉપાડ્યો. અગાઉથી કરેલી ગોઠવણ મુજબ રૂહેન જે ભેટની જાહેરાત કરવાના હતા તેનો આ ફોન હતો. ખાસ રાખેલી વ્યવસ્થા મુજબ તેનો સંદેશ સમગ્ર સભાગૃહમાં સંભળાતો હતો

'ગુડ ઇવનિંગ, સર! મિ. શ્રીનિવાસ?'

'યસ, ગુડ ઇવનિંગ!'

'મિ. રૂહેન હીયર. ગુડ ઈવનિંગ એવરીબડી! આજના આ ભવ્ય શુભ પ્રસંગે આપના દેશને ભેટ આપવા માટે મેં 'રાધા'નું અસલ ચિત્ર મોકલ્યું હતું. આપને ત્યાંના બાહોશ નિષ્ણાતોએ ખોળી કાઢ્યું છે કે આપને ત્યાં પહોંચેલું ચિત્ર નકલી છે. મતલબ કે અસલ ચિત્ર કાઈરોમાં પ્લેન બદલતી વેળા ગુમ થયું છે. આ અંગે ચાંપતી તપાસ ચાલી જ રહી છે અને કાઈરોના 'યુ. એ. આર.'ના સ્ટાફના એક મિ. હુસેનની ધરપકડ પણ કરવામાં આવી છે. કદાચ આવું કંઈ બને-અને ઘણી વાર આવું થતું જ રહ્યું છે. એટલે અતિ મૂલ્યવાન કલાકૃતિની હેરફેર બહુ જોખમી હોઈ મેં એનો વિકલ્પ વિચારી જ રાખ્યો છે. આજના આ પ્રસંગે 'રાધા'નું અસલ ચિત્ર ભેટ નહિ આપી શકવા બદલ મને અત્યંત દુઃખ થાય છે, પરંતુ આ પ્રસંગે ભારતનું ઓગણીસમી સદીનું કાંગરા શૈલીનું, 'ચિત્તચોર' નામનું ચિત્ર હું આપને ભેટ આપું છું. આ ચિત્ર પતિયાલાની આર્ટ ગૅલેરીમાંથી ઊપડી ગયું હતું, અને મેં તે સવાલાખ ડૉલર ચૂકવીને ખરીદ્યું છે. આપના પ્રદર્શનખંડમાં એને પર્દાથી ઢાંકેલું છે. અહીં ટી.વી. ઉપર હું એ જોઈ શકું છું. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ટેબલ ઉપર આપની પાસે જ જે સ્વિચ છે એ દબાવીને આ ચિત્રને અનવેઈલ કરો.'

કાલિન્દી અને કૃષ્ન જ્યાં બેઠાં હતાં તે તરફની દીવાલ ઉપર એ ચિત્ર હતું. મંત્રીશ્રીએ સ્વિચ દબાવી અને ચિત્ર ઉપરનો પર્દો ધીમે-ધીમે સરકી ગયો. હૉલમાં બીજી બત્તીઓ બુઝાઈ ગઈ અને ચિત્ર ઉપર ફ્લડલાઈટ કેન્દ્રિત થયું. 'બલરામ અને શ્રીદામા સાથે શ્રીકૃષ્ણ વનમાંથી બહાર આવી રહ્યા છે. વૃષભાનુના નિવાસ બહાર ચાર ગોપીઓ સાથે રાધા પણ ત્યાંથી પસાર થતી હતી. રાધા-કૃષ્ણ બંનેની મળી દૃષ્ટાંદૃષ્ટ અને 'ચિત્તચોરે' રાધા પ્રતિ નેત્રપલ્લવી કરી પ્રણયસંબંધ બાંધ્યો. ડૉ. ચન્દ્ર ચિત્રના આ વિષય તથા તેની કળાને સમજાવી રહ્યા હતા.

'થૅંક યુ, મિ. રૂહેન! ઈટ્સ અ વેલકમ સરપ્રાઈઝ! ભારત સરકાર વતી હું આ અતિ મૂલ્યવાન ચિત્રનો સ્વીકાર કરું છું.' મંત્રીશ્રીએ ટેલિફોન પર મિ. રૂહેનનો આભાર માન્યો. હૉલમાં ફરી પ્રકાશ ઝળહળી રહ્યો અને ઉપર છતમાંથી હોટેલ જલદર્શનના આકારની એક મોટી કેક નીચે ઊતરી મંત્રીશ્રીની સમક્ષ ટેબલ ઉપર ગોઠવાઈ ગઈ. તેની ઉપર એક સુવર્ણદીપ હતો. મંત્રીશ્રીએ એ પ્રકટાવ્યો અને પછી સોનેરી મૂઠવાળી છરી વડે કેક પર કાપ મૂક્યો. હોટેલ જલદર્શન અને પ્રદર્શનનું ઉદ્ઘાટન થયું.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ! ટીવી ઉપર આ બધું નિહાળી રહેલા રૂહેનનો અવાજ સંભળાયો. 'અર્જુન, માય ડીઅર ફ્રેન્ડ, જલદર્શન માટે સફળતા મુબારક!'

તાળીઓના નાદથી સમગ્ર હૉલ ગાજી ઊઠ્યો. મહારાજ અર્જુનસિંહે સુવર્ણ-ઢોળ ચડાવેલી હોટેલ જલદર્શનની ચાંદીની પ્રતિકૃતિ મંત્રીશ્રીને ભેટ આપી. કઠપૂતળીઓએ રાધા-કૃષ્ણનો રાસ કરવા માંડ્યો.

મંત્રીશ્રીએ પછી ભારતના હોટેલ-વ્યવસાય અને તેની વિદેશી હૂંડિયામણ કમાવી આપવાની ક્ષમતા તથા આ દિશામાં સરકારના રસ અને સહકાર અંગે પ્રવચન આપ્યું. પરંતુ આ ભવ્ય ઉદ્ઘાટન-સમારંભના આનંદ અને ઉત્સાહમાં એની નિરસતા તરફ કોઇએ ખાસ લક્ષ આપ્યું નહિ.

હૉલમાં ઉપસ્થિત સૌ મહેમાનોને ઉચ્ચ પ્રકારનો અલ્પાહાર પીરસવા જલદર્શનના બેરા ચપળતાથી ઘૂમવા લાગ્યા. સ્ટેજ ઉપર ભરતનાટ્યમ્ રજૂ થઈ રહ્યું હતું. મૃદંગ અને ઘુંઘરુના ઠેકા સાથે મહેમાનો પણ ડોલી રહ્યાં હતાં. એકાએક આ વાતાવરણ વચ્ચે એક ચીસ સંભળાઈ. હૉલની બધી જ બત્તીઓ ઝળહળી ઊઠી. સૌની નજર ચીસની દિશા તરફ વળી. કાલિન્દીના હાથમાં કૃષ્ન ઢળી પડ્યો હતો. કાર્તિક પાસે જ હતો. બિશ્વાસ દોડી આવ્યો.

મૅનેજર શ્યામે મહારાજ પાસે દોડી જઈ ખબર આપ્યા કે 'મંત્રીશ્રીની સાથે આવેલા તેમના મહેમાન મિ. કે. શાસ્ત્રીની તબિયત એકાએક બગડી ગઈ છે. ડૉ. ભટનાગરને બોલાવ્યા છે. દરમિયાન આપ અન્ય મહેમાનોને જાળવી લો.'

જાણ થતાં જ મંત્રીશ્રી પત્ની સાથે ત્યાં દોડી ગયા ત્યારે ડૉ. ભટનાગર મિ. કે. શાસ્ત્રીને ઇન્જેકશન આપી રહ્યા હતા. લાઉડસ્પીકર પર મહેમાનોને સ્વસ્થ અને શાંત રહેવા મહારાજ અર્જુનસિંહની વિનતિ સંભળાઈ રહી હતી. કાર્તિકની ચકોર આંખ બધે ફરી વળી. એણે બિશ્વાસને નજીક બોલાવી કહ્યું. 'જુઓ, આ બધી ધમાલમાં આપણે રોકાયા એ દરમિયાન 'ચિત્તચોર' અને બીજાં બે ચિત્રો દીવાલ પરથી ગુમ થઈ ગયાં છે. આપ તુરત જ જરૂરી કારવાઈમાં લાગી જાઓ. આ તરફ હું સંભાળું છું.'

બિશ્વાસ મહારાજ પાસે દોડ્યો. ડૉ. ભટનાગરના તાત્કાલિક ઉપચારથી ભાનમાં આવેલા કૃષ્ન અને કાલિન્દીને લઈ મંત્રીશ્રી પણ સ્ટેજ ઉપર પાછા પધાર્યા. મહારાજને બધી જાણ થતાં એ અત્યંત ખિન્ન થઈ ગયા, પરંતુ રાજબીજના પ્રભાવે એમણે તુરત જ સ્વસ્થતા ધારણ કરી લઈ લાઉડસ્પીકર પર જાહેર કર્યું, 'મિત્રો, અમને જણાવતાં અત્યંત ખેદ થાય છે કે અત્યારે આ ભર્યા સમારંભ વચ્ચેથી અહીંથી ત્રણ ચિત્રો ઊપડી ગયાં છે. આ અંગે અહીંના નિષ્ણાત અફસરો તપાસમાં તો લાગી જ ગયા છે. આપ સૌને આ સભાખંડમાં જ રહેવા અમારી વિનતિ છે. આ તપાસમાં (અનુસંધાન પૃ. ૩૯)

ઑપરેશન ચિત્ત(ત્ર)ચોર

પૂર્વ-કથા

પુષ્કરભાઇ ગોકાણી

ઉદયપુરમાં મહારાજા અર્જુનસિંહે પોતાની હોટેલ જલદર્શનના ઉદ્‌ઘાટનની ભવ્ય તૈયારીઓ કરવા માંડી હતી. દિલ્હીની જેલમાં સજા ભોગવતા ત્યાંના ખ્યાતનામ ચોર શર્વિલકે આ પ્રસંગે યોજાએલા આંતરરાષ્ટ્રીય ચિત્રપ્રદર્શનમાંથી અમુક ચિત્રો ઉઠાવી જવાના પોતાના ઇરાદાનો અર્જુનસિંહને પત્ર લખ્યો હતો. મહારાજે મુંબઈ પોલીસના પ્રસિદ્ધ અફસર કાર્તિકની સેવા સાથે આ અંગે શક્ય તે બધી જ સાવચેતી રાખવાની ગોઠવણ કરી હતી. દરમિયાન શર્વિલકે જેલમાંથી નાસી ફરી પોતાના આગમનની જાણ કરતો ફોન કર્યો અને કાર્તિકે તેને આવતો અટકાવવા દિલ્હીમાં વ્યવસ્થા કરી. બીજી બાજુ ભારતને ભેટ આપવા માટે વિદેશથી રૃહેને મોકલાવેલું ખાસ ચિત્ર 'રાધા' નકલી હોવાની ખબર પડી. રૃહેનને તેના ખાસ માણસ પ્લાંશેતે ફોન કરીને તેના ખબર આપ્યા. ઉદ્‌ઘાટન આડે હવે બહુ જ ઓછો સમય હતો અને શર્વિલકને ચિત્રો ચોરતો અટકાવવા કાર્તિક તથા મહારાએ લગભગ બધાં જ પગલાં લીધાં હતાં...

હોટેલ 'જલદર્શન'નું આજે ઉદ્‌ઘાટન હતું, અને આ પ્રસંગે યોજાએલ અતિ વિખ્યાત ચિત્રોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શન-નું પણ. જલદર્શનમાં આવી ઊતરેલા મહેમાનો અને આમંત્રિતો આવી રહ્યાં હતાં, અને એમને માટે નિશ્ચિત કરેલી બેઠકો લઈ રહ્યાં હતાં. બેરાઓ એમની સરભરામાં દોડાદોડી કરતા હતા. કન્સીલ્ડ લાઈટ અને ઝુમ્મરોથી સમગ્ર સભાખંડ ઝળાંહળાં હતો. પ્રવેશદ્વારે મહારાજા અર્જુનસિંહ અને મહારાણી પ્રકારાકુંવરબા આવનારાં મહેમાનોનું સ્વાગત કરવામાં વ્યસ્ત હતાં. બિશ્વાસ એમને મહેમાનો-ની ઓળખ આપી રહ્યા હતા. વિધવિધ સેન્ટ-અત્તરની મંદમંદ ફોરમથી સમગ્ર વાતાવરણ મધમધતું હતું. કાર્તિકની આંખો આવનાર સૌને માપી રહી હતી. રોહતગી હજી આવ્યા નહોતા એટલે મહારાજ અને કાર્તિકને લાગ્યું કે જરૂર એણે શર્વિલકને અહીં આવતો રોકી પાડ્યો હશે, અને એથી એ બંને કંઈક હળવાશ અનુભવતા હતા.

સભાખંડમાં ગોપિત રાખેલા લાઉડસ્પીકરમાંથી અત્યંત ધીમા સૂરે મધુર સંગીત ગુંજી રહ્યું હતું, જ્યારે એ જ રીતે ગોપિત રાખેલા ટી.વી. કૅમેરા હાલમાં ચાલી રહેલી ચહલપહલ પર નજર રાખતા હતા. આ ઉપરાંત, અનેક હથિયારધારી રક્ષકો પણ મહેમાનોમાં ભળી જઈ પોતાની ફરજ બજાવવા સજગ ઘૂમી રહ્યા હતા. સમગ્ર વાતાવરણમાં માદકતા, મદહોશી અને મધુરતા વ્યાપી ગઈ હતી.

કાર્તિક માટે ફોન આવ્યો. બિશ્વાસે ઇશારત કરતાં કાર્તિકે એક્સ્ટેન્શન ઉપર ફોન ઉપાડ્યો, પણ તેની નજર તો ચોતરફ ઘૂમતી જ જ રહી. હોટેલ ચેતકના માલિક મિ. ગોયેલને પણ આ સમારંભમાં આવવું હતું. કાર્તિકનો સ્થાયી નિવાસ પોતાને ત્યાં હોઈ એને પોતાનું મહત્ત્વ વધી જતું લાગતું હતું. કાર્તિકે એને નિપટાવવા બિશ્વાસને ઇશારો કરી દીધો.

અંતે જેમની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે, આ પ્રસંગના ઉદ્‌ઘાટક શ્રીનિવાસ આવી પહોંચ્યા. એમનાં શ્રીમતી તથા એમના પી.એ.ને જ આમંત્રણ હતું એ કદાચ એમને જચ્યું નહોતું એમ તેમના ચહેરા પરથી દેખાઈ આવતું હતું. મંત્રી શ્રી તો પોતાની સાળી તથા એના મંગેતરને પણ આ પ્રસંગે સાથે જ લેતા આવ્યા હતા. મહારાજ અર્જુનસિંહે અને બિશ્વાસે નમ્રતાપૂર્વક પ્રસંગની ગંભીરતા સમજાવી, પરંતુ શ્રીનિવાસને રાજી રાખ્યા સિવાય પણ છૂટકો નહોતો. અંતે એ બે વધારાના મહેમાનને અન્ય આમંત્રિતો સાથે બેસાડવાની ગોઠવણ કરવામાં આવી.

'સૉરી, કાર્તિક...' કહી બિશ્વાસે કાર્તિકને ઇશારો કર્યો. મૅનેજર શ્યામ પેલા બંને માટે બેઠકની વ્યવસ્થા કરવા દોડ્યો. મતલબ, કાર્તિકે પોતાની બેઠક બદલવી પડી.

એક તરફ કરેલી ગોઠવણ પ્રમાણે પ્રસંગાનુરૂપ નૃત્ય-સંગીત આપી રહેલી કઠપૂતળીઓ સહિત સૌ ઉપસ્થિતો પ્રધાનશ્રીના સ્વાગતાર્થે ઊભાં થઈ ગયાં. મહારાજ પ્રધાનશ્રીને મંચ ઉપર એમની બેઠક પ્રતિ દોરી ગયા. બિશ્વાસે પ્રધાનશ્રીનાં મહેમાનોને એમની બેઠક પ્રતિ દોર્યાં. એમને બેસારતાં બિશ્વાસ બોલ્યા, 'દિલગીર છીએ આપને અહીં બેસારવા બદલ, મિ...'

'કે શાસ્ત્રી, પણ કૃષ્ન કહેશો તો ચાલશે. અને આ છે કુમારી કાલિન્દી'.

કે. શાસ્ત્રીને જોતાં જ કાર્તિકની આંખ ચમકી ગઈ. એના મેટલ ડિટેક્ટરે પણ ચાડી ખાધી, અને કાર્તિકે એ પણ નોંધ્યું કે તેના કોટનું જમણું ખિસ્સું જરા ભારે હતું. પણ આ વિષે હવે તે જાહેરમાં કંઈ કરી શકે તેમ નહોતો.

બિશ્વાસે કે. શાસ્ત્રી તથા પ્રધાનશ્રીનાં સાળીસાહેબાને એમની બેઠક પર બેસારી વિવેક દર્શાવતાં કહ્યું, 'આપને અહીં બેસારવા બદલ દિલગીર છીએ. પણ આપની બેઠક નજીક જ દીવાલ ઉપર ઢાંકેલું આજના પ્રસંગનું એક સેન્ઝેશન છે. આપ થોડી વાર પછી એ અહીં નજીકથી જોઈ શકશો. સૉરી ફૉર ઈન્કન્વીનીઅન્સ. નાઉ, ઍન્જોય યોરસેલ્ફ, એન્જલ ઍન્ડ સિન્ડ્રેલા...'

મંચની નજીકમાં જ અને આમંત્રિત સૌ મહેમાનો બરાબર જોઈ શકે એ રીતે ગોઠવેલા સ્ટેજ ઉપર એ સમયે ભરતનાટ્યમ્ પેશ થઈ રહ્યું હતું. આમંત્રિત બધાં જ મહેમાનો આવી ગયાં હોઈ હૉલના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા, અને બહાર હથિયારબંધ પહેરો ગોઠવાઈ ગયો હતો. ઉદ્‌ઘાટન પૂર્વેના મનોરંજન કાર્યક્રમમાં સૌને તલ્લીન બની ગએલાં જોઈ કાર્તિકે સંગ્રામસિંહને પાસે બોલાવી કંઈક સૂચના આપી. સંગ્રામસિંહે બહાર સરકી જઈ ફોન જોડ્યો:

'વિજીલન્સ સ્કવૉડ ઑફિસર મિ. માથુર, સ્પેશ્યલ લૉંચ નં બર સિફ્સ હોટેલના દક્ષિણ દરવાજે તૈયાર રહે.'

'કૉડ પ્લીઝ.'

'ઑપરેશન ચિત્તચોર.'

'ઓ. કે, સર.'

દરમિયાન કાર્તિક પેલી અણધારી આવી પડેલી જોડી પર લક્ષ આપી રહ્યો હતો.

'યુ આર વન્ડરફૂલ, કાની, કૃષ્ણકાન્ત કાલિન્દીને કહી રહ્યો હતો.

થોડા જ દિવસ પહેલાં મહરોલીમાં કુતુબમિનાર પાસે આપણી પહેલી મુલાકાત થઈ. અને આટલા દિવસમાં તો આપણો પરિચય એ કુતુબમિનાર જેટલી બુલંદીએ પહોંચી ગયો. મહારાષ્ટ્ર હાઉસમાં તેં મને તારા જીજાજીની વગથી સારી સર્વિસ પણ અપાવી દીધી, અને આજે હું અહીં તારી સાથે આવા અદ્ભુત સમારંભમાં ભાગ લઈ રહ્યો છું! એટલું ઝડપથી આ બની ગયું કે મારી સમજમાં હજી ઊતરતું નથી. આ સ્વપ્ન તો નથી ને, ડીઅર?'

એક પછી એક કાર્યક્રમ આગળ વધી રહ્યો હતો. ડૉ. ચન્દ્રએ પ્રદર્શિત ચિત્રોનો વિગતે પરિચય આપવા માંડયો. જે ચિત્ર વિષે એ બોલતા હતા તે તે ચિત્ર ફ્લડલાઇટથી ઝળહળતું જતું હતું. 'રાધા' વિષે એમણે કહ્યું, 'બનીઠની નામની એક નર્તકી ઉપર નિહાલચંદને બેહદ પ્રેમ હતો. આ 'રાધા'ના ચિત્રમાં તેણે એ બનીઠનીના નિરપવાદ સૌન્દર્યને કિશનગઢ શૈલીમાં અતિ સુંદર રીતે ઉતાર્યું છે. રાજસકુળની હોવા છતાં નિહાલચંદની આંખોની સાત્વિકતામાં ભળીને એ 'રાધા' બની ગઈ. પણ આ રાધાનું અસલ ચિત્ર ચોરાઈ ગયું. કિશનગઢના સંગ્રહમાં છે તે ચિત્ર તો તેની નકલ સાબિત થયું છે. મિ. રૂહેને ભારતને ભારતને ભેટ આપવા મોકલ્યું છે એ પણ નકલ પૂરવાર થયું છે. આપ આ બંને ચિત્રો અહીં જોઈ શકશો. આ બંને ચિત્રો જો નકલ હોય તો અસલ ચિત્ર કેવું હશે તે પણ આપ કલ્પી શકશો...'

એવામાં મંચ ઉપર મંત્રીશ્રી સામે મૂકેલો સોનેરી કારીગરીથી અલંકૃત ટેલિફોન રણકી ઊઠયો. અર્જુનસિંહે ઇશારો કર્યો એટલે મંત્રીશ્રી શ્રીનિવાસે એ ફોન ઉપાડયો. અગાઉથી કરેલી ગોઠવણ મુજબ રૂહેન જે ભેટની જાહેરાત કરવાના હતા તેનો આ ફોન હતો. ખાસ રાખેલી વ્યવસ્થા મુજબ તેનો સંદેશ સમગ્ર સભાગૃહમાં સંભળાતો હતો

'ગુડ ઇવનિંગ, સર! મિ. શ્રીનિવાસ?'

'યસ, ગુડ ઇવનિંગ!'

'મિ. રૂહેન હીયર. ગુડ ઈવનિંગ એવરીબડી! આજના આ ભવ્ય શુભ પ્રસંગે આપના દેશને ભેટ આપવા માટે મેં 'રાધા'નું અસલ ચિત્ર મોકલ્યું હતું. આપને ત્યાંના બાહોશ નિષ્ણાતોએ ખોળી કાઢયું છે કે આપને ત્યાં પહોંચેલું ચિત્ર નકલી છે. મતલબ કે અસલ ચિત્ર કાઇરોમાં પ્લેન બદલતી વેળા ગુમ થયું છે. આ અંગે ચાંપતી તપાસ ચાલી જ રહી છે અને કાઇરોના 'યુ. એ. આર.'ના સ્ટાફના એક મિ. હુસેનની ધરપકડ પણ કરવામાં આવી છે. કદાચ આવું કંઈ બને-અને ઘણી વાર આવું થતું જ રહ્યું છે. એટલે અતિ મૂલ્યવાન કલાકૃતિની હેરફેર બહુ જોખમી હોઈ મેં એનો વિકલ્પ વિચારી જ રાખ્યો છે. આજના આ પ્રસંગે 'રાધા'નું અસલ ચિત્ર ભેટ નહિ આપી શકવા બદલ મને અત્યંત દુઃખ થાય છે, પરંતુ આ પ્રસંગે ભારતનું ઓગણી-સમી સદીનું કાંગરા શૈલીનું, 'ચિત્તચોર' નામનું ચિત્ર હું આપને ભેટ આપું છું. આ ચિત્ર પતિયાલાની આર્ટ ગૅલેરીમાંથી ઊપડી ગયું હતું, અને મેં તે સવાલાખ ડૉલર ચૂકવીને ખરીદ્યુ છે. આપના પ્રદર્શન-ખંડમાં એને પર્દાથી ઢાંકેલું છે. અહીં ટી.વી. ઉપર હું એ જોઈ શકું છું. મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ટેબલ ઉપર આપની પાસે જ જે સ્વિચ છે એ દબાવીને આ ચિત્રને અનવેઈલ કરો.'

કાલિન્દી અને કૃષ્ન જ્યાં બેઠાં હતાં તે તરફની દીવાલ ઉપર એ ચિત્ર હતું. મંત્રીશ્રીએ સ્વિચ દબાવી અને ચિત્ર ઉપરનો પર્દો ધીમે-ધીમે સરકી ગયો. હૉલમાં બીજી બત્તીઓ બુઝાઈ ગઈ અને ચિત્ર ઉપર ફ્લડલાઈટ કેન્દ્રિત થયું. 'બલરામ અને શ્રીદામા સાથે શ્રીકૃષ્ણ વનમાંથી બહાર આવી રહ્યા છે. વૃષભાનુના નિવાસ બહાર ચાર ગોપીઓ સાથે રાધા પણ ત્યાંથી પસાર થતી હતી. રાધા-કૃષ્ણ બંનેની મળી દષ્ટાંદષ્ટ અને 'ચિત્તચોરે' રાધા પ્રતિ નેત્રપલ્લવી કરી પ્રેમસંબંધ બાંધ્યો. ડૉ. ચન્દ્ર ચિત્રના આ વિષય તથા તેની કળાને સમજાવી રહ્યા હતા.

'થૅંક યુ, મિ. રૂહેન! ઇટ્સ અ વેલકમ સરપ્રાઈઝ! ભારત સરકાર વતી હું આ અતિ મૂલ્યવાન ચિત્રનો સ્વીકાર કરું છું.' મંત્રીશ્રીએ ટેલિફોન પર મિ. રૂહેનનો આભાર માન્યો. હૉલમાં ફરી પ્રકાશ ઝળહળી રહ્યો અને ઉપર છતમાંથી હોટેલ જલદર્શનના આકારની એક મોટી કેક નીચે ઊતરી મંત્રીશ્રીની સમક્ષ ટેબલ ઉપર ગોઠવાઈ ગઈ. તેની ઉપર એક સુવર્ણદીપ હતો. મંત્રીશ્રીએ એ પ્રકટાવ્યો અને પછી સોનેરી મૂઠવાળી છરી વડે કેક પર કાપ મૂકયો. હોટેલ જલદર્શન અને પ્રદર્શનનું ઉદ્ઘાટન થયું.

'કૉન્ગ્રેચ્યુલેશન્સ! ટીવી' ઉપર આ બધું નિહાળી રહેલા રૂહેનનો અવાજ સંભળાયો. 'અર્જુન, માય ડીઅર ફ્રેન્ડ, જલદર્શન માટે સફળતા મુબારક!'

તાળીઓના નાદથી સમગ્ર હૉલ ગાજી ઊઠયો. મહારાજ અર્જુન-સિંહે સુવર્ણ-ઢોળ ચડાવેલી હોટેલ જલદર્શનની ચાંદીની પ્રતિકૃતિ મંત્રીશ્રીને ભેટ આપી. કઠપૂતળીઓએ રાધા-કૃષ્ણનો રાસ કરવા માંડ્યો.


મંત્રીશ્રીએ પછી ભારતના હોટેલ-વ્યવસાય અને તેની વિદેશી હૂંડિયામણ કમાવી આપવાની ક્ષમતા તથા આ દિશામાં સરકારના રસ અને સહકાર અંગે પ્રવચન આપ્યું. પરંતુ આ ભવ્ય ઉદ્ઘાટન-સમારંભના આનંદ અને ઉત્સાહમાં એની નિરસતા તરફ કોઇએ ખાસ લક્ષ આપ્યું નહિ.

હૉલમાં ઉપસ્થિત સૌ મહેમાનોને ઉચ્ચ પ્રકારનો અલ્પાહાર પીરસવા જલદર્શનના બેરા ચપળતાથી ઘૂમવા લાગ્યા. સ્ટેજ ઉપર ભરતનાટયમ્ રજૂ થઈ રહ્યું હતું. મૃદંગ અને ઘુંઘરુના ઠેકા સાથે મહેમાનો પણ ડોલી રહ્યાં હતાં. એકાએક આ વાતાવરણ વચ્ચે એક ચીસ સંભળાઈ. હૉલની બધી જ બત્તીઓ ઝળહળી ઊઠી. સૌની નજર ચીસની દિશા તરફ વળી. કાલિન્દીના હાથમાં કૃષ્ન ઢળી પડયો હતો. કાર્તિક પાસે જ હતો. બિશ્વાસ દોડી આવ્યો.

મૅનેજર શ્યામે મહારાજ પાસે દોડી જઈ ખબર આપ્યા કે 'મંત્રીશ્રીની સાથે આવેલા તેમના મહેમાન મિ. કે. શાસ્ત્રીની તબિયત એકાએક બગડી ગઈ છે. ડૉ. ભટનાગરને બોલાવ્યા છે. દરમિયાન આપ અન્ય મહેમાનોને જાળવી લો.'

જાણ થતાં જ મંત્રીશ્રી પત્ની સાથે ત્યાં દોડી ગયા ત્યારે ડૉ. ભટનાગર મિ. કે. શાસ્ત્રીને ઇન્જેકશન આપી રહ્યા હતા. લાઉડસ્પીકર પર મહેમાનોને સ્વસ્થ અને શાંત રહેવા મહારાજ અર્જુનસિંહની વિનતિ સંભળાઈ રહી હતી. કાર્તિકની ચકોર આંખ બધે ફરી વળી. એણે બિશ્વાસને નજીક બોલાવી કહ્યું. 'જુઓ, આ બધી ધમાલમાં આપણે રોકાયા એ દરમિયાન 'ચિત્તચોર' અને બીજાં બે ચિત્રો દીવાલ પરથી ગુમ થઈ ગયાં છે. આપ તુરત જ જરૂરી કારવાઈમાં લાગી જાઓ. આ તરફ હું સંભાળું છું.'

બિશ્વાસ મહારાજ પાસે દોડયો. ડૉ. ભટનાગરના તાત્કાલિક ઉપ-ચારથી ભાનમાં આવેલા કૃષ્ન અને કાલિન્દીને લઈ મંત્રીશ્રી પણ સ્ટેજ ઉપર પાછા પધાર્યા. મહારાજને બધી જાણ થતાં એ અત્યંત ખિન્ન થઈ ગયા, પરંતુ રાજબીજના પ્રભાવે એમણે તુરત જ સ્વસ્થતા ધારણ કરી લઈ લાઉડસ્પીકર પર જાહેર કર્યું, 'મિત્રો, અમને જણાવતાં અત્યંત ખેદ થાય છે કે અત્યારે આ ભર્યા સમારંભ વચ્ચેથી અહીંથી ત્રણ ચિત્રો ઊપડી ગયાં છે. આ અંગે અહીંના નિષ્ણાત અફસરો તપાસમાં તો લાગી જ ગયા છે. આપ સૌને આ સભાખંડમાં જ રહેવા અમારી વિનતિ છે. આ તપાસમાં (અનુસંધાન પૃ. ૩૯)



હિમાલયનાં સંસ્મરણો-૪

કૈલાસયાત્રાનો પ્રારંભ

લેખક અને ફોટોગ્રાફર · **નવનીત પારેખ**

કૈલાસ-માનસરોવર જવાની અભિલાષા તો વર્ષોથી મારામાં ઉભરાતી; પરંતુ ખરેખર કૈલાસ જઈ શકાય છે તે વિષે નજીવી માહિતી મને સન ૧૯૪૭ના ઉનાળામાં જ મળી જ્યારે હું નૈનીતાલ તથા આલમોરા ગયો હતો. હવે હું કૈલાસ-માનસરોવર જવા માટે અત્યંત ઉત્સુક અને અધીરો બન્યો. મેં સાંભળ્યું કે કોઈ એક સ્વામી ભાસ્કરજી દરેક વર્ષે કૈલાસ જાય છે, અને પોતાની સાથે થોડા ચુનંદા યાત્રીઓને પણ લઈ જાય છે. સ્વામી ભાસ્કરજીને શોધવા અને મળવાની મને તાલાવેલી લાગી.

સન ૧૯૪૮ના ડિસેમ્બરમાં હું મુંબઈની મારી ઑફિસમાં કામ કરતો હતો ત્યાં અચાનક ટેલિફોન આવ્યો : 'હું મિ. પાઠક વાત કરું છું. સ્વામી ભાસ્કરજી મુંબઈ આવ્યા છે અને માટુંગામાં ઊતર્યા છે. હું તેમની સાથે કૈલાસ-માનસરોવર જવાનો છું. તમારે કૈલાસ જવુ હોય તો તેમને મળો.' હું બોલ્યો : 'ભાઈ પાઠકજી! તમે મને સમાચાર આપ્યા તે બદલ ઘણો જ આભાર. પરંતુ માટુંગામાં હું સ્વામી ભાસ્કરજીને ક્યાં શોધીશ ? તમે જો તેમની પાસે જવાના હો તો હું તમારી સાથે તેમને મળવા આવું.' પાઠકજીએ કહ્યું : હું આવતી કાલે બપોરે ચાર વાગ્યે દાદર થઈને માટુંગા સ્વામીજીને મળવા જવાનો છું. તમે જો ચર્ચગેટથી ૩-૪૬ની લોકલ પકડશો તો ૪-૦૬ મિનિટે દાદર ઊતરશો. હું તમને દાદર સ્ટેશને મળીશ.'

'પણ ભાઈ પાઠકજી ! આપણે હજુ કોઈ વાર મળ્યા નથી, તો દાદર સ્ટેશને એકબીજાને કેવી રીતે ઓળખીશું ? મારું સૂચન છે કે તમે ચાર વાગ્યે દાદર સ્ટેશના પ્લૅટફૉર્મ પર જ્યાં મોટું ઘડિયાળ છે ત્યાં ઊભા રહો તો હું તમને શોધી કાઢીશ.' મેં કહ્યું.


શ્રી પાઠકજી સહમત થયા. બીજે દિવસે બપોરે અમે બંને મળ્યા અને સ્વામી ભાસ્કરજી પાસે ગયા.

સ્વામી ભાસ્કરજી ખૂબ ઉત્સાહી અને પ્રસન્નચિત્ત હતા. બીજે વર્ષે ઉનાળામાં તેઓ મને કૈલાસ-માનસરોવર લઈ જવા રાજી હતા. હું તો ખુશ ખુશથઈ ગયો. સ્વામી ભાસ્કરજી પણ મૂળ અમદાવાદના નીકળ્યા. તેમના પિતાજી શ્રી ચીમનલાલ ઠાકોર અમદાવાદની ઘાસીરામની પોળમાં રહેતા હતા. બીજે મહિને ભાસ્કરજી અમદાવાદ જવાના હતા અને હું પણ મારાં માતાપિતાને મળવા અમદાવાદ જનાર હતો. અમદાવાદમાં હું ભાકસ્કરજીને મળ્યો અને તેમને એલિસબ્રિજમાં અમારે બંગલે તેડી લાવ્યો. મારાં માતાપિતાને મેં ભાસ્કરજીનો પરિચય કરાવ્યો અને ઉમેર્યું કે આવતા ઉનાળામાં હું તેમની સાથે કૈલાસ જવાનો છું !

મારાં માતાપિતા તો સ્તબ્ધ થઇ ગયાં. પરંતુ કશું બોલ્યાં નહિ. તેઓ જાણતાં હતાં કે હું જિદ્દી છું. પરંતુ તેમને ફાળ પડી કે તેમનો એકનો એક યુવાન પુત્ર કૈલાસ જશે તો સુરક્ષિત પાછો નહિ ફરે. બે દિવસ પછી હું મુંબઇ પાછો ગયો એટલે પિતાજીએ સ્વામી ભાસ્કરજીને ફરી અમારે બંગલે બોલાવ્યા અને સમજાવ્યું : 'સ્વામીજી ! નવનીત તો અમારો એકનો એક દીકરો છે. ને લાડકોડમાં ઊછર્યો છે. તેનું શરીર નબળું છે. કૈલાસ જવાનું તેનું ગજું નથી. તે હિમાલયમાં કશે પણ ફર્યો નથી. અમને ખૂબ ડર છે કે તે જો કૈલાસ જશે તો સુરક્ષિત પાછો નહિ ફરે. પછી અમારું શું થાય ? અમે તમને હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે તમે નવનીતને સમજાવો કે તે પહેલાં બદરીનાથ-કેદારનાથ જાય અને બે-ચાર વર્ષ પછી તમારી સાથે કૈલાસ-માનસરોવર આવે.'

મારાં માતાપિતાની હૃદય-દ્રાવક વિનંતીથી સ્વામી ભાસ્કરજી પીગળી ગયા અને મને કહેવડાવ્યું કે મારે પ્રથમ તો બદરી-કેદાર જવું

* આલમોરાથી દૃશ્યમાન 'નંદાઘૂંટી' અને ત્રિશૂલ'નાં શિખરો



અને પછી જ તેઓ મને કૈલાસ લઈ જશે. મારું હૃદય ભાંગી પડયું અને હું હતાશ થઈ ગયો....પરંતુ ભગવાન શંકર મારા પર પ્રસન્ન હતા. બીજે વર્ષે પેલા ભાઈ પાઠકજીનો ફરી ટેલિફોન આવ્યો: 'નવનીતભાઈ! તમે ગયે વર્ષે કૈલાસ ન જઈ શકયા તેનું કંઈ નહિ. પણ હવે બીજા એક સ્વામી પ્રણવાનંદજી મુંબઈ આવ્યા છે અને તેઓ પણ દર વર્ષે પોતે પસંદ કરેલા યાત્રીઓ સાથે કૈલાસ-માનસરોવર જાય છે. હું તમને મેળવી આપીશ.'

હું ફરીથી ઉત્સાહ-ઉમંગમાં આવી ગયો. સ્વામી પ્રણવાનંદજીને મળ્યો અને તેમની પાસેથી વચન લીધું કે મારાં માતાપિતા ગમે તેટલું મનાવે છતાં પણ આવતા ઉનાળે તેઓ જરૂર મને કૈલાસ લઈ જશે. સ્વામી પ્રણવાનંદજી મૂળ આંધ્ર-પ્રદેશના હતા અને સુવિખ્યાત સ્વામી જ્ઞાનાનંદજીના શિષ્ય હતા. એમણે પશ્ચિમ ટિબેટમાં ખૂબ ભ્રમણ કર્યું હતું અને કૈલાસ પાસે સિંધુ-નદી તથા બ્રહ્મપુત્ર-નદીનો ઉગમ શોધી કાઢયો હતો. તેમના આ સંશોધન માટે તેમને F. R. G. S. (Fellow of the Royal Geographic Society)નું માન એનાયત કરવામાં આવ્યું હતું.

હવે હું કૈલાસ-યાત્રાની તૈયારીમાં પડ્યો. બારે માસ હું ઠંડા પાણીએ તો નહાતો જ હતો, હવે મેં ભોંય પર સૂવાના અને દૂધ વિનાની ચા પીવા જેવા મહાવરા પાડવા માંડ્યા. કૈલાસ જવા માટે હું અધીરો થઈ રહ્યો હતો. ધીરેધીરે મેં બધાં જ ઊની કપડાં તથા બ્લૅંકેટ્સ વસાવ્યાં. દોઢ-બે મહિના ચાલે તેટલો સીધુંસામાન તથા બીજી અનેક નાનીમોટી ચીજવસ્તુઓ એકઠી કરવા માંડી—જેવી કે કૅમેરા તથા ફિલ્મ-રૉલ્સ, દૂરબીન, ગૉગલ્સ, ઊંચાઈ માપવાનું યંત્ર, રેઇન-કોટ તથા સામાન ઢાંકવા માટે તાડપત્રી, પહાડ પર ચઢવા માટેનાં બૂટ, સામાન ભરવા માટે મોટા થેલાઓ (kit-bags) તથા તે બાંધવા માટે દોરડાં, જુદીજુદી માંદગી માટેની દવાઓ તથા પાટા-પિંડી, સ્ટવ તથા કેરોસીન માટે જૅરી-કૅન, વૉટર-બૉટલ, મગ, ટૉર્ચ તથા સેલ્સ, દીવાસળી ને લાઈટર, મીણબત્તી, થર્મોસ, સાબુ, ચપ્પુ, કાતર, સોય-દોરો, કૈલાસ-પર્વત પાસે પૂજા કરવા કપૂર, અગરબત્તી, ધૂપ, રસોઈ માટે એલ્યુમિનીઅમનાં હળવાં વાસણો, પહાડી બાળકોને ભેટ આપવા ફુગ્ગાઓ તથા પિપરમીટ, પહાડી સ્ત્રીઓ માટે સસ્તી માળાઓ તથા ચાંદલા, બોજી-મજૂરોને ખુશ કરવા સિગારેટનાં પૅકેટ, રસ્તામાં નાસ્તા માટે બિસ્કિટ, ખાખરા, દાળમૂઠ, ગોળ-પાપડી, પાપડ, સૂકો મેવો, અથાણું, ચા-કૉફીના ડબા, કન્ડેન્સડ મિલ્ક ઇત્યાદિ ઇત્યાદિ.

કૈલાસ જવા માટેનો મારો અફર નિર્ધાર જોઇને મારાં માતા-પિતાને થયું કે જો તેઓ બંને પણ અમારી સાથે આવે તો મારી સુરક્ષા વિષે તેઓ નિશ્ચિન્ત બને. તેથી તેમણે પણ કૈલાસ-યાત્રાએ આવવા નિર્ણય કર્યો. પિતાજીએ પોતાના બે મિત્રોને પણ કૈલાસ આવવા નિમંત્રિત કર્યાં. એક હતા શ્રી પુરાતન બૂચ, જેઓ સાબરમતી આશ્રમમાં વર્ષો સુધી રહ્યા હતા, અને બીજા હતા ઋષિકેશના બ્રહ્મચારી હરિજીવનજી. મારા ફોઇના દીકરા રણછોડભાઈ તથા અમારા સેવાભાવી રસોઇયા ભાઈ ગેબીલાલને પણ અમે સાથે લીધા.

મુંબઈથી અમારો રસાલો પંજાબ મેલમાં આગ્રા આવ્યો. આગ્રામાં રાત્રે ગાડી બદલીને અમે ત્રીજે દિવસે સવારે કાઠગોદામ સ્ટેશને પહોંચ્યાં. અમારી પાસે સામાન ખૂબ હતો એટલે એક પૂરી બસ ભાડે કરીને ૨૭ મેની સાંજે અમે આલમોરા આવી પહોંચ્યાં. પિતાજીના મિત્ર શ્રી દાનસિંહ માલદાર સાહેબના બંગલામાં ઊતર્યાં. તે દિવસોમાં દાનસિંહજી સમગ્ર કુમાઉંમાં સૌથી શ્રીમંત





Δ
ડાબી બાજુ મથાળે: આલમોરાનું સુપ્રસિદ્ધ મંદિર-ભદ્રેશ્વર મહાદેવ.
◁ કુમાઉંની એક યુવતી. તેની મોટી નથડી અને આભુષણો તથા કેશગૂંફન જુઓ.
જમણીબાજુ: કુમાઉંની એક કિસાન-કન્યા.

અને સૌથી મોટા જમીનદાર ગણાતા. લોકો તેમને 'માલદાર સાહેબ' કહીને સંબોધતાં.

સ્વામી પ્રણવાનંદજી તો આલમોરામાં જ હતા. અમે તેમને દરરોજ મળતાં અને કૈલાસ યાત્રા માટેની તૈયારીને અંતિમ રૂપ આપતાં. હવે આલમોરાના મિત્રએ પિતાજીને સલાહ આપી કે તેમની વય જોતાં તેમણે કૈલાસયાત્રાનો વિચાર છોડી દેવો. તેથી પિતાજી, અમ્મા તથા પુરાતનભાઈ અમને વળાવીને અમદાવાદ પાછાં ગયાં.

પૂજ્ય સ્વામી આનંદ તો એક વડીલની જેમ મારી બધી જ પ્રવૃત્તિઓમાં રુચિ અને રસ લેતા હતા. તે દિવસોમાં તેઓ આલમોરાથી ૩૫ માઇલ દૂર કૌસાનીમાં રહેતા હતા. તેઓ પણ મને મળવા, વિદાય આપવા તથા આશીર્વાદ આપવા આલમોરા આવ્યા અને મને યાત્રા માટે સલાહ-સૂચનો પણ આપ્યાં. આ વખતે તો આલમોરામાં અમે શ્રી બોશી સેન તથા તેમનાં પત્ની ગર્ટ્રુડને પણ મળી શક્યાં. સાયંકાળે અમે તેમની સાથે ખૂબ વાતો કરી અને પછી તેમના પૂજાના કમરામાં અમે પણ થોડી વાર ધ્યાનમાં બેઠાં.

અમે આલમોરા હતાં તે દરમિયાન હું આલમોરાના પ્રસિદ્ધ મંદિરો જોઈ વળ્યો. તેમાં નંદાદેવી, ભદ્રેશ્વર, ત્રિપુર-સુંદરી તથા કાસારદેવીનાં મંદિરો મુખ્ય હતાં. એક દિવસ સ્વામી પ્રણવાનંદજીએ મારી કસોટી કરવા વિચાર કર્યો. તેમણે કહ્યું : 'નવનીતભાઈ! તમે આવતી કાલે સવારે આલમોરાથી ચાર માઈલ નીચે સુયાલ નદીને કાંઠે વિશ્વનાથનું મંદિર છે ત્યાં જઈ આવો. હું જોઉં કે તમે કેટલું ચાલી શકો છો!' મેં તેમની ચૅલેન્જ ઉપાડી લીધી. વળતે દિવસે વહેલી સવારે હરિજીવનજી તથા રણછોડભાઈ સાથે હું નીકળ્યો. આખો રસ્તો ઊંડા ઉતારનો હતો. ઝડપથી અમે ઊતર્યા અને સવારના આઠ વાગ્યે તો અમે વિશ્વનાથ પહોંચી ગયા. સુયાલ નદીને કાંઠે વિશ્વનાથ એક રમણીય સ્થાન હતું. ગરમી અને પરસેવાથી અમે રેબઝેબ થઈ ગયા હતા એટલે નદીના શીતળ જળમાં અમે ઝંપલાવ્યું અને તાજગી મેળવી. આલમોરા ગામનું સ્મશાન સ્થાન આ વિશ્વનાથ હતું. અમે ત્યાંના શિવમંદિરમાં દર્શન કર્યાં અને અગિયાર વાગ્યે તો આલમોરા પાછા પહોંચી પણ ગયા. પ્રણવાનંદજીની કસોટીમાં હું પાર ઊતર્યો!

ઈ. ૧૯૫૦ના જૂન મહિનાની ૭મી તારીખે અમે કૈલાસ-માનસરોવરની યાત્રાએ નીકળ્યા. પિતાજી, અમ્મા, પુરાતનભાઈ તથા આલમોરાના બીજા મિત્રો થોડે સુધી અમને વળાવવા આવ્યા. મારું હૈયું ભારે હતું, આંખ ભીની હતી, અવાજ ગળગળો હતો. પૂજ્ય પિતાજી-અમ્માને ચરણે હું પડ્યો. તેમની આંખોમાંથી તો અશ્રુધાર સરતી હતી... હવે કૈલાસ-ટિબેટથી હું પાછો ફરીશ કે કેમ તે શંકાસ્પદ હતું. અમે જાણે કે છેવટના 'રામરામ' કરી લીધા!

બહારની દુનિયાથી દૂર, હિમાલયના ઊંડાણમાં અમે પ્રવેશ કર્યો. હવે બે મહિના સુધી બહારના કોઈ પણ સમાચાર અમને નહિ મળે. તે દિવસોમાં ટ્રાન્ઝિસ્ટર રેડીઓ શોધાયો નહોતો. અમે જાણે કે પૃથ્વી છોડીને કોઈક જુદા જ ગ્રહ કે નક્ષત્ર પર જઈ રહ્યા હતા.

આલમોરાથી આઠ માઈલ ઉપર બાડેછીના ગામ આવ્યું. અહીં સુધીનો પગરસ્તો તો મારો જાણીતો હતો. બાડેછીનાથી અમે ઉત્તર-પૂર્વમાં પહાડ ચઢવા લાગ્યા. પિતાજીના આગ્રહથી અમે સવારી-ઘોડા ભાડે કર્યા હતા. કોઈ કોઈ વાર અમે ઘોડા પર બેસતા પરંતુ મુખ્યત્વે તો પગપાળા જ ચાલતા. વાસ્તવમાં એ ઘોડા નહિ પરંતુ ખચ્ચર હતા, જે શાન્તિથી, ધીરજથી ધીરે ડગલે આગળ વધતા હતા. ખચ્ચરની ડોક ઉપર મેં બે ઝોળી લટકાવી દીધી હતી જેમાં હું બપોરનો નાસ્તો, કૅમેરા, દૂરબીન ઈ. રાખતો. ખચ્ચરોનાં ગળે નાની-નાની ઘંટડીઓ બાંધી હતી. નિરવ શાન્તિમાં અમે પહાડ ચઢતા ત્યારે આ ઘંટડીઓનો મીઠો રણકાર વાતાવરણમાં ગુંજી ઊઠતો.

કલાકો સુધી ખચ્ચર ઉપર ધીરજથી બેઠાંબેઠાં હું મારા માનીતા શ્લોકો ગણગણતો અને ગીતાના બારમા, પંદરમા અધ્યાયનો તેમજ સ્થિતપ્રજ્ઞના શ્લોકોનો પાઠ કરતો. કોઈ વાર અમારા ખચ્ચરોનો રખેવાળ ભાઈ હીરાવલ્લભ 'મૂડ'માં આવી જઇને શિવ-રંજની રાગમાં કોઇ પહાડી ધૂન લલકારતો ત્યારે હું ઘડીભર ભાન ભૂલી જઇને અનંત હિમાલય સાથે એકતાનતા અનુભવતો.

ચીડ (પાઇન) વૃક્ષોથી છવાએલા પહાડ ચઢીને અમે સાંજ પડ્યે ધવલછીના પહોંચ્યા. અહીં એક ડાક-બંગલો તથા બે દુકાનો હતી. પહાડોમાં આ ચીડનું વૃક્ષ ખૂબ જ ઉપયોગી છે. તેના થડમાંથી પહાડી લોકો પોતાનાં મકાનનાં બારી-બારણાં, છત તથા મોભ બનાવે છે. ચીડની ડાળ તથા ઝાડીઝાંખરાં બળતણ તરીકે વપરાય છે. વળી, ચીડના વૃક્ષમાંથી એક રસ નીકળે છે જેમાંથી ટરપેન્ટાઈન તથા અન્ય રસાયણ બને છે. પહાડી લોકો ચીડ-વૃક્ષના થડમાં કાપ મૂકીને તેની નીચે માટીનું કે ટીનના પતરાનું એક નાનું કુલડું લટકાવે છે જેમાં ઝાડમાંથી ટપકતો રસ એકઠો થાય છે. ઠેકેદારના માણસો જંગલોમાં ફરતા રહે છે અને બધો રસ કેરોસીનના ડબામાં ભરીને તેને દેશના રસાયણ-ઉદ્યોગ માટે મોકલાવે છે. પહાડી ભાષામાં ચીડના આ રસને 'લીસા' કહે છે. ચીડનું વૃક્ષ પોણોસો-સો ફીટ જેટલું ઊંચું, ગગનચુંબી હોય છે. જ્યારે પવનની લહેરો અને સૂસવાટામાં આખાયે અરણ્યનાં વૃક્ષો હાલી ઊઠે છે ત્યારે તેમાંથી સમુદ્રના મોજાં જેવો ગંભીર ઘોષ તથા ઘૂઘવાટ સંભળાય છે. (ક્રમશઃ)

અનુસંધાન] **પ્રચ્છન્ન પુણ્ય અને સહકાર** [પૃષ્ઠ ૩૭થી

સમયમર્યાદા સાચવી રસોઈમાં એક જ વાનગી બને. એક ઘરમાં રોટલીનો પિંડો જ બંધાય, તો બીજામાં દાળનો વઘાર મઘમઘે ને ત્રીજામાં શાકભાજી તો ચોથામાં ભાતનું તપેલું ચડાવી દહીંનું વલોણું કાઠિયાવાડના વાતાવરણને ઘમઘમાવી નાખે.

એકાદ કલાકમાં તો એ બધાં ઘરનું રસોડું પતી જાય અને દરેક ઘર વચ્ચે વાનગીની આપલે થઈ જાય. કશીય ધમાલ વિના એ દરેક ઘર રોટલી-દાળ-ભાત-શાકનાં ભોજન કરી તૃપ્તિના ઓડકાર સાથે પોતપોતાની પ્રવૃત્તિમાં લાગી જાય.

કેવું સરસ આયોજન! જ્યારે કૂકર અને ગૅસની સગવડો જ નહોતી ત્યારના સંજોગોને ધ્યાનમાં લઇએ તો સમજાય કે એક નાની સરખી સૂઝ અને અનુકૂલનવૃત્તિવાળો સ્વભાવ કેટલી સગવડતા કરી આપે છે. નહિ કશી ધમાલ, નહિ ઉચાટ, નહિ રઘવાટ કે નહિ અસૂરા ઊઠીને ચૂલે ચડવાનું. પતિ તથા બાળકોને જવાની તૈયારીમાં મદદરૂપ થવામાં યે કચાશ ન રહે. સૌ એ જ શાંતિ અને સંતોષથી તૈયાર થઈ કામધંધે વળગી શકે એ પણ એમના આખા દિવસની પ્રફુલ્લતાનું ભાથું બની જતું.

જ્યાં અનુકૂલનવૃત્તિ છે ત્યાં પ્રતિકૂલ વાતાવરણ કદી પ્રવેશી શકતું નથી. જીવન એટલે સંઘર્ષ નહિ, પણ માનવીઓનો સહકાર, એ સત્ય આપણને સમજાઈ જાય તો? □

પ્રચ્છન્ન પુણ્ય અને સહકાર —હિમા યાજ્ઞિક

સમાજ જો વામણા સ્વરૂપનો ન બને તો કેટલો સુંદર હોય છે! એકબીજાની હૂંફે જીવવાની માનવીની ભાવના એટલે સમાજ. નિંદા-કૂથલીના કૂડાકચરાથી એને ભરી ન મૂકીએ તો હમેશાં માનવતાની મહેકથી એ ફોરી રહે. સમાજ એટલે માનવીઓનો સહકાર. સમતામાંથી જન્મે તે સમાજ. આ બધું આપણે જાણીએ છીએ, સમજીએ છીએ, અને છતાંય ક્યારેક આપણે અવળચંડાઈ આદરીએ છીએ.

સમાજવાદનાં ગાણાં ગાવાથી સમાજવાદ નથી આવતો. સમજપૂર્વક થએલા વાદથી-રીતરસમથી સમાજવાદ જન્મે છે. અને એવો સુંદર અનુભવ મને એક વખત થએલો.

વૈશાખના ધોમધખતા તાપમાં પણ ઉત્સવપ્રિય સમાજ લગ્નના સમારંભો માણી શકે છે. માનવીના મનની ઇચ્છા આડે તો કોઈ કરતાં કોઈ પરિબળ આવી શકતું નથી. આભ પડે કે પૃથ્વી ફાટે, પણ માણસ ગમે ત્યાંથી ગમે તે રીતે પોતાને ગમતો આનંદ મેળવી જ લે છે. આવી એક લગ્નની મોસમમાં હું જૂનાગઢ જઈ ચડી. ભલે બાપદાદાનું ગામ ખરું, પણ મારે ત્યાં જવાનું ભાગ્યે જ થાય. એટલે ગામમાં કોઈની ઝાઝી ઓળખાણપિછાન નહિ, ને રીતરસમોથી યે હું બિલકુલ અજાણ.

આર્થિક રીતે તદ્દન સામાન્ય સ્થિતિના ગણાય તેવા એક કુટુંબમાં લગ્ન લેવાએલાં. નાગરશૈલીનાં વિધિસર લગ્ન હતાં. અગાશીએ ચડીને એક અનુભવી ભાઈ સૂર્યને અસ્ત થવાની રાહ જોઈ રહ્યા હતા. જેવી સૂર્યની કોર ક્ષિતિજને સ્પર્શી કે એમણે 'સાવધાન સાવધાન'ની બૂમ પાડી સૌને સાબદા કર્યા અને સૂરજની કોર ડૂબી કે હસ્તમેળાપની થાળી રણકાવી.

આ હસ્તમેળાપના સમયે જ મારું ધ્યાન દોરાયું કે કન્યાના શરીર ઉપર ઘણાં કહી શકાય એટલાં ઘરેણાં હતાં. અત્યાર સુધી તો હું લગ્નના અન્ય વિધિ જોવામાં જ તલ્લીન હતી. આમ તો આ કુટુંબ સામાન્ય સ્થિતિનું કહેવાય છે, અને એમના ઘરમાં આટલાં ઘરેણાં! મને આશ્ચર્ય થયું. મનની વાત લાગ મળ્યે બહાર નીકળી જ જાય છે. લગ્નમાંથી પરવારી અને અમારાં બહેનને ઘરે ગયાં ત્યારે મારાથી એમને પૂછયા વિના રહેવાયું નહિ.

અને એ સારું થયું. અન્યથા મેં પેલા કુટુંબ વિષે જાણેઅજાણ્યે કેવા યે ખરાખોટા ખયાલો બાંધી લીધા હોત. બહેને મને ફોડ પાડીને સમજાવ્યું કે ત્યાંના સમાજમાં જે અમુક ખમતીધર કુટુંબો છે તેઓ અમુક પ્રમાણમાં ઘરેણાં અલગ રાખે જ છે, અને જે કુટુંબ સામાન્ય સ્થિતિનું હોય તેમને ત્યાં લગ્ન વગેરે મંગલ પ્રસંગે એ મોકલાવાય છે. નવયુવક-યુવતીઓને પોતાના લગ્નપ્રસંગે શણગાર સજવાની ઇચ્છા થાય જ. સૌન્દર્ય ખીલવવાના કોડ એમને થાય એ સ્વાભાવિક છે. ત્યારે એમને એનો વસવસો ન રહેવો જોઇએ. સામાન્ય સ્થિતિનાં વરકન્યા મનભર આનંદ માણી શકે એવી આ એક પ્રથા ત્યાં હતી.

તેમાં પણ પાછી એક ખૂબી હતી. લગ્ન કરાવનાર ગોરમહારાજ જ એવા ખમતીધરને ત્યાં યથા યોગ્ય ઘરેણાં લેવા જાય. જે ઘરેણાં લાવે તેની પહોંચ પોતે જ લખી આપે, પછી એ ઘરેણાં યજમાનને ત્યાં પહોંચાડી લેખિત પહોંચ લે. પ્રસંગ ઊકલી જાય એટલે એ આખી ગંગા અવળી ચાલે, અને સૌને સૌનું હેમખેમ પાછું પહોંચી જાય. ઘરેણાં આપનાર ન જાણે કે એણે કોના પર ઉપકાર કર્યો છે, એટલે આ સદ્વૃત્તિ અહમ્ સંતોષવાનો કીમિયો ન બને. આ જ રીતે લેનાર પણ દાતાનું નામ ન જાણે એટલે એને પણ કોઈ ક્ષોભ-શરમ સતાવે નહિ, અને આખી જિંદગી ઉપકારવશતાના ભારમાં ઓશિયાળા રહેવું પડે નહિ. અલબત્ત, એના શુભાશિષ-શુભેચ્છાઓ જે કોઈ દાતા હોય તેને તો પહોંચે જ. જાણે એકલા ગોરજી, અને એ બંને પક્ષનો મોભો જાળવે.

કેવી મઝાની પ્રવૃત્તિ! ક્યાંય કોઈની ખુશામત-ખિદમત નહિ, ક્યાંય દાનેશ્વરી કહેવરાવવાની ચડસાચડસી નહિ. હોય, કેવળ ઇશ્વરે આપેલી સંપત્તિનો યથાશક્તિ સદ્ઉપયોગ અને આત્મસંતોષ કે આપણે સમાજમાં થોડાંઘણાંને ઘડીબેઘડી પૂરતાં પણ ઉપયોગી થઈ શકીએ છીએ. પૃથ્વી ઉપર માત્ર ભાર વધારવા જ નથી જીવવાનું.

'સહનાવવતુ, સહનાભુનક્તુ'ના રચયિતાને થોડી ક્ષણો પૂરતો યે આમ આનંદ આપી શકીએ તો પણ ઘણું.

સંયુક્ત પરિવારમાં સમૂહમાં જીવવાના જે સંસ્કાર પડે છે તે મોટપણમાં બહુ કામ આવે છે. સમૂહમાં રહીને સૌનાં મન વાંચવાનો અને સૌનાં મન સાચવવાનો અચ્છો મહાવરો પડે છે, અને એથી સૌને સાચવી લેવા સાથે કઠીન પરિસ્થિતિમાં યે કામ ઉકેલી લેવાની ફાવટ આપોઆપ કેળવાય છે.

બિલકુલ શાંત વાતાવરણમાં ઊછરેલાં અમારાં બહેનને લગ્ન પછી મુંબઈના ધમાલિયા વાતાવરણમાં વસવાનું થયું. મુંબઈ તો મોહમયી. પ્રારબ્ધ અને પુરુષાર્થની પાંખે ઊડીને અહીં ક્યાંક્યાંથી લોકો ચણ ચણવા આવે. એ વખતમાં આવી રીતે એક ભાષા–એક પ્રદેશના અનેક લોકો ભેળાં પારેવાં જેમ એક સ્થળે પોતપોતાનો માળો બાંધી રહેતા. વતનની મીઠી યાદને વાગોળતાં અને વાસ્તવિકતાને વધાવતાં આવાં અનેક કુટુંબો કોઈ મોટા મકાનમાં પોતપોતાનું ઘર વસાવે અને અડોશપડોશની હૂંફમાં પોતપોતાના કામધંધા સંભાળે. અમારા જીજાજી પણ આ રીતે એ મોહમયી નગરીમાં મોહીને ભાગ્યનો સથવારો શોધવા ગએલા.

અમારાં બહેનનું જ્યાં ઘર હતું ત્યાં અડોશપડોશમાં બીજાં યે ઘણાં ગુજરાતી કુટુંબો હતાં. અને જ્યાંજ્યાં ગુજરાતી વસે ત્યાંત્યાં ગુજરાતનું વાતાવરણ પણ સરજાય જ. વતનના શાંત અને સરળ વાતાવરણ કરતાં અહીંની ધમાલ અનેકગણી. બધાં ઘરની ગૃહિણીઓને સવારમાં વહેલીવહેલી ઊઠી જઈ ઝટપટ બપોરના ભોજનનો ડબો તૈયાર કરવામાં કે પતિદેવ તથા બાળકોને સવારના આઠેક વાગ્યામાં પાટલે બેસાડવાની તજવીજમાં લાગી જવું પડે.

પરંતુ આટલી બધી દોડધામ શા માટે? હળવાશભર્યું વાતાવરણ સર્જવાની કુનેહ ગૃહિણીમાં ન હોય તો બીજા કોની પાસે અપેક્ષા રખાય? પણ જ્યાંજ્યાં શુભનિષ્ઠા હોય ત્યાં ભાગ્યનો સથવારો આપોઆપ મળી જ જાય છે. બપોરની વેળાએ અડોશપડોશનાં બહેનો ઘડીક ભેળાં બેસી વાતો અને વિચારોની આપલે કરે એમાંથી જ એક સરળ કેડી સૂઝી આવી.

ચારેક કુટુંબની બહેનોએ ઐક્યના તાણાવાણા ગૂંથી એક મુલાયમ રચનાત્મક કાર્ય ગોઠવી લીધું. એથી પિયરના સંયુક્ત કુટુંબમાં વહેંચણી કરીને કામ કરવાને ટેવાએલું માનસ અહીં મોટપણે પણ સચવાયું. ગોઠવણ એવી કરી કે એ દરેક ઘરમાં સવારની અમુક

(અનુસંધાન પૃષ્ઠ ૩૯)

નવી શરૂ થતી એક માહિતીપ્રદ લેખમાળા

ટેલિવિઝન

હસમુખ બારાડી

ટેલિ એટલે દૂર અને વિઝન એટલે દર્શન. એના પરથી દૂરનું દર્શન કરાવતા સાધનનું નામ પડ્યું ટેલિવિઝન. આપણી ભાષામાં દૂરદર્શન. આ 'ટેલિવિઝન'નું યે પ્રચલિત ટૂંકું રૂપ છે 'ટીવી'. પરંતુ આ માત્ર દૃશ્ય નહિ, શ્રાવ્ય સાધન પણ છે. આપણે ત્યાં ટીવી હજી નવુંનવું અને મોંઘું હોવાથી એ ઘરની સધ્ધરતાનું પ્રતીક પણ બની ગયું છે, એટલું જ નહિ, પણ એક વખત તેની પાછળ પૈસા ખર્ચ્યા પછી ઘેર બેઠાં નાટક-સિનેમા જોવાનું સરવાળે સસ્તું પડે તેવું હાથવગું સાધન થઈ પડ્યું છે.

પરંતુ ટેલિવિઝન એ માત્ર મનોરંજન અને સમાચારો મેળવવાનું સાધન જ નથી. હકીકતે તો આ બે ઉદ્દેશો ઉપરાંત, રેડિયો ને સિનેમા કરતાં અનેક ગણું પ્રભાવક એવું આ એક સામૂહિક પ્રત્યાયન–કૉમ્યુનિકેશનનું માધ્યમ છે. એનો સમજપૂર્વકનો સદુપયોગ જ્ઞાનવિજ્ઞાનના પ્રસાર દ્વારા સમગ્ર પ્રજાનો સર્વ ક્ષેત્રે યોગ્ય વિકાસ સાધી તેને ઊંચે આણી શકે છે, તો બીજી બાજુ ચાતુરીભર્યા ઉપયોગ દ્વારા એ લોકોને ઇચ્છિત માર્ગે ઢાળી દેવામાં પણ વપરાય. આજે તો તેના એકેએક પાસામાં અત્યંત ઝડપે નવોનવો વિકાસ થતો જઈ તેનું એક આગવું શાસ્ત્ર રચાયું છે. વાચન, રેડિયો અને ચલચિત્રો આપણને જે જ્ઞાન અને મનોરંજન આપી શકે તે કરતાં ટીવી દ્વારા આપણે સરળતાથી અને ઘણું વિશેષ પામી શકીએ છીએ. છતાં જેમ વાચનની ભાષા જાણવા–માણવા તેના વ્યાકરણનું જ્ઞાન જરૂરી છે, અને જેમ રેડિયો અને ચલચિત્રોમાં થતી રજૂઆત માણવા-સમજવા તેમાંની રજૂઆતોની રીત-પદ્ધતિ સમજવી આવશ્યક છે, તેમ ટીવી વિષે પણ છે. વળી, ઇલેક્ટ્રૉનિક્સના વિકાસે તો ટીવીના કાર્યક્રમોમાં અનેક અવનવી અજાયબીઓનું ઉમેરણ શક્ય બનાવીને તેના દૃશ્ય પાસાને જાદુઈ જેવું બનાવી દીધું છે. ટીવીના આવા ટેકનિકલ વિકાસે પોતાનું આગવું એક નવું જ ક્ષેત્ર વિકસાવ્યું છે, એટલું ન નહિ, તેનો વ્યાપ પણ વિસ્તાર્યો છે, અને પરિણામે મનોરંજન, શિક્ષણ, પ્રચાર, વ્યવસાય વગેરે અનેક ક્ષેત્રે નવી તક ઊભી થઈ છે. અહીં આપણે તેનાં એ વિધવિધ પાસાંઓનો સચિત્ર પરિચય કરીશું, જે રસપ્રદ અને માહિતીપ્રદ બનવા ઉપરાંત કેટલાકને ઉપયોગી બની રહેશે.

માહિતી મનોરંજન અને શિક્ષણ આપતા માધ્યમ તરીકે ટેલિવિઝન આધુનિક સમાજનું, અતિ આધુનિક સમાજ સર્જતું, સૌથી વધુ વ્યાપક, ઝડપી અને પ્રભાવક સાધન છે. એનો સતત વધી રહેલો વિકાસ આપણને જીવન સમગ્ર સાથેનો સંપર્ક જોડી આપે છે. ઘરને ખૂણે આપણા નિયંત્રણ હેઠળનું એનું અસ્તિત્વ જ અજબ એવો સાંસ્કૃતિક સંદર્ભ ખડો કરે છે. હવે એના પ્રેક્ષકોને સિનેમાગૃહોમાં જવું નથી પડતું, ખાસ ટીવી (ટેલિવિઝન) માટે પણ એવાં જ દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમો તૈયાર કરી શકાય છે. રેડિયો દ્વારા એના શ્રોતાને જે ઝડપી સમાચાર અને તત્કાલીન અહેવાલ-ટીપ્પણ મળતાં એ હવે એને ચિત્રની વિશ્વસનીયતા સાથે ટીવી દ્વારા સુલભ છે. આગગાડી, મોટરકાર કે ટેલિફોન જેવી બીજી શોધખોળોની જેમ આ ટેલિવિઝન પણ કોઈ એક ઘટના કે વૈજ્ઞાનિક વિકાસનું પરિણામ નથી. વીજળી, ટેલીગ્રાફી, ચલચિત્રો (ફિલ્મ) અને રેડિયો જેવી અનેક શોધખોળોએ ટેલિવિઝનના વિકાસમાં નિર્ણાયક ફાળો આપ્યો છે. એ સઘળી વિદ્યાઓને (અને દુર્ભાગ્યે એના ઉપયોગો અને વિભાવનાઓને પણ) વિદેશોથી આપણે આયાત કરી છે, એમને આ વિહંગાવલોકનમાં એ દેશોની સામાજિક સ્થિતિઓના ઉલ્લેખો પણ જરૂરી બનશે :

(૧) ઈ. સ. ૧૮૦૦ થી ૧૮૩૧ વચ્ચે વૉલ્ટાની બેટરીથી માંડી ફૅરાડેએ બનાવેલ ઇલેક્ટ્રોમૅગ્નેટિક ઈન્ડકશન સુધી અનેક શોધખોળો થઈ, પરિણામે જનરેટરો પણ બનાવી શકાયાં. વધતા જતા ઔદ્યોગિક ઉત્પાદનનું એ કારણ અને પરિણામ હતું. આ ક્ષેત્રે યુરોપમાં ૧૮૮૦ સુધી નવીનવી જરૂરતો, શોધો અને એના ઉપયોગોની પ્રક્રિયા ચાલુ રહી. આપણે ત્યાં પણ એ દરમિયાન આગગાડી, કાપડની મિલો અને છાપખાનાં આવી ગયાં હતાં.

(૨) ટેલિગ્રાફીમાં આમ તો પાપા-પગલી વહેલી થઈ હતી, પણ ૧૮૩૭માં એનો આગવો વિકાસ થવા માંડ્યો. ઓગણીસમી સદીના છઠ્ઠા અને સાતમા દશકમાં આંતરરાષ્ટ્રીય વેપારવણજ, રેલવે અને શહેરીકરણ વધવાની સાથે ટેલિગ્રાફી અનિવાર્ય બની. પછીના દાયકામાં ટેલિફોન પણ શક્ય બન્યો. આપણે ત્યાં આ ગાળામાં વિશ્વવિદ્યાલયો સ્થપાયાં અને અનેકવિધ વિષયોનાં પુસ્તકો લખાવા માંડ્યાં હતાં.

(૩) સ્થિર તસ્વીરકલામાં 'પ્રકાશ-લેખન'નો વિચાર વેગવુડ અને ડેવીએ ૧૮૦૨માં આગળ ધર્યો, અને 'કૅમેરા ઑબ્સ્ક્યુરા'ની શોધ પણ થઈ હતી. ૧૮૧૬ થી ૧૮૩૯ વચ્ચે કૅમેરામાં સુધારા થયા, અને 'અંગત કૌટુમ્બિક છબીઓ' ઉપરાંત તસવીરોમાં 'યથાતથ વાસ્તવિકતા' ઝીલાવાને લીધે વર્તમાનપત્રોમાં પણ એનો ઉપયોગ થવા માંડ્યો. આપણે ત્યાં આ દરમિયાન જ 'મુંબઇ સમાચાર' અને 'જામે જમશેદ' વગેરે છાપાંઓ શરૂ થયાં હતાં.

(૪) આ બધાંને સમાન્તર ચલચિત્રોનો વિચાર પણ વિકસતો જતો હતો. આમાં આંખ એક પછી એક દૃશ્ય જુએ અને એ બે દૃશ્યોની વચ્ચેના ગાળામાં એને અમુક સમય સુધી આગળનું દૃશ્ય યાદ રહે એવા દૃષ્ટિ-સાતત્યના નિયમને લીધે જ અનેક સ્થિર ચિત્રોમાંથી ગતિ-સાતત્યનો આભાસ ઉત્પન્ન થાય છે, એ આધારે ચલચિત્રોનો વિકાસ થયો. 'જાદુઈ ફાનસ'થી ચિત્રરજૂઆત તો છેક સત્તરમી સદીમાં પણ થતી હતી, પણ ૧૮૨૬માં તો યાંત્રિક રીતે ગતિ-અભાસ પણ ઊભો થવા માંડ્યો. ૧૮૮૨માં મારીએ આખા પ્રસંગની તસવીરો લીધી અને બતાવી જોઈ હતી. બીજી બાજુ ફ્રીસ-ગ્રીન અને એડિસન તસવીર લેવાના વિશેષ કાગળ અને પ્રૉજેક્શન પર કામ કરી રહ્યા હતા. જે ઝડપે કૅમેરાએ ગતિની તસવીરો ઝીલી હોય એ જ ઝડપે એનું પ્રૉજેક્શન થાય અને એ માટેની સેલ્યુલૉઈડ (ફિલ્મ)ની પટ્ટી એ તસવીરો દર્શાવવામાં કાર્યક્ષમ હોય – એ ત્રણેય શરતો ફિલ્મકલાના પાયામાં છે; અને એનો સંપૂર્ણ વિકાસ ૧૮૯૫માં થયો. લ્યુમિયે ભાઇઓએ ૧૮૯૫ની ૨૮ ડિસેમ્બરે પારીસમાં 'ઇન્ડિયન રૂમ' તરીકે જાણીતી જગ્યાએ તેનું પ્રથમ નિદર્શન પણ કર્યું.

એ દરમિયાન આપણે ત્યાં 'સરસ્વતીચન્દ્ર' નવલકથા લખાઈ ગઇ હતી, અને વ્યાવસાયિક રંગભૂમિ ધમધમતી હતી. ૧૮૯૫માં જ મુંબઈમાં આ લ્યુમિયે સર્જિત 'ફિલ્મો' પણ દર્શાવવામાં આવી હતી.

રેડિયોનો પ્રસારણના માધ્યમ તરીકે વિકાસ થયો એ પહેલાં એડિસને ધ્વનિમુદ્રણનાં સાધનોની શોધ ૧૭૭૬માં કરી હતી, અને ૧૮૮૭માં એમિલી બર્લિનરે ધ્વનિનું વેક્સ રૅકૉર્ડિંગ પણ શક્ય બનાવ્યું હતું. પણ રેડિયોનો વિકાસ ખરેખર તો ૧૮૮૫ થી ૧૯૧૧ વચ્ચે થયો. ૧૮૯૫માં ઇટાલીના વિજ્ઞાની માર્કોનીએ રેડિયો-ટેલિગ્રાફી

દ્વારા પ્રથમ સંદેશો વહેતો મૂક્યો; ૧૯૦૧માં એ સંદેશાએ આટલાંટિક મહાસાગર પાર કર્યો; ૧૯૦૧માં માનવ-અવાજ સંભળાયો. પછી ૧૯૧૬માં અમેરિકાના ડી ફૉરેસ્ટે પ્રથમ વાર સમાચારનું પ્રસારણ કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધે એની પ્રગતિમાં રુકાવટ ઊભી કરી, પણ એનો ઉપયોગ નિશ્ચિત કરી આપ્યો. આ સદીના ત્રીજા દાયકાની શરૂઆતમાં તો ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં નિયમિત રેડિયો-કાર્યક્રમોનાં પ્રસારણો શરૂ થઈ ગયાં. એનાં થોડાં વર્ષોને અંતરે જ આપણે ત્યાંય મદ્રાસ મુંબઇ-માં રેડિયો-ક્લબો સ્થપાઈ હતી.

(૬) એ જ રીતે ટેલીવિઝનનો એટલે કે દૂર સુધી દૃશ્યશ્રાવ્ય સંકેતો પાઠવવાનો વિચાર આ બધી શોધખોળોમાં સંકળાયેલો જ હતો. બેઇને ટેલિગ્રાફ દ્વારા તસવીરો મોકલવાનું વિદ્યુત્‌યંત્ર છેક ૧૮૪૨માં બનાવ્યું હતું. ૧૮૪૭માં બૅકવેલે ટેલિગ્રાફની પ્રતો કાઢી આપી હતી. ૧૮૬૨માં કેસિલીએ ખૂબ દૂર સુધી તસવીરો પાઠવી બતાવી હતી. એ દરમિયાનની અનેક શોધો અને વિજ્ઞાનના વિકાસમાં આટલી ઘટનાઓ નોંધપાત્ર છે: ૧૮૭૫માં કારી દ્વારા 'વિદ્યુત્ આંખ', ૧૮૮૪માં નિપકોવ દ્વારા વૃત્ત-પૃથક્કરણ (સ્કૅનિંગ) પદ્ધતિ, ૧૮૯૦માં બ્રાઉન દ્વારા કૅથોડ-રે ટ્યૂબ, ૧૯૦૭માં રોઝિંગ દ્વારા કૅથોડ-રે રિસીવર, ૧૯૧૧માં કૅમ્પબેલ સ્વીન્ટોન દ્વારા ઇલેક્ટ્રૉનિક કૅમેરા, વગેરે.

પણ આ બધું અનેક સ્થળે, વિખૂટું અને સૂત્રહીન શોધાયે જતું હતું. એને એક સાંકળે બાંધે તો શું, પણ જોઈ પણ શકે એ માટે સામાજિક ક્ષેત્રે જરા પણ પ્રયત્ન કે જાગૃતિ નહોતાં. જોકે યંત્રવિદ્યાકીય દૃષ્ટિએ પણ એમાં હજી ઘણું ખૂટતું હતું—દા. ત. બહુસ્તરીય એમ્પ્લીફાયર. પ્રથમ વિશ્વયુદ્ધે એની શોધખોળોને ખોરંભે પાડી, પણ પછી રાજકીય આર્થિક કારણોસર બધું એક સાંકળે ગૂંથાવા માંડ્યું. પરિણામે ૧૯૨૫માં એક બાજુ જ્હૉન લોગી બેયર્ડે અને બીજી બાજુ બેલ કંપનીના જેન્કીન્સે, અલગઅલગ સ્થળે કામ કરીને, યાંત્રિક વૃત્ત-પૃથક્કરણની પદ્ધતિથી ખૂબ દૂરદૂરનાં અંતરોએ ટીવી-ચિત્રો મોકલ-વાની પદ્ધતિઓ વિકસાવી. ધ્વનિ-પ્રસારણનું માધ્યમ પણ એમને માટે નમૂના રૂપ હતું જ. જોકે ટીવીનો ખરેખરો વિકાસ તો આ સદીના પાંચમા દશકમાં ઇલેક્ટ્રૉનિક પદ્ધતિ વિકસી પછી જ યુરોપમાં પણ થયો. આપણે એના પ્રથમ કેન્દ્ર માટે પણ છેક ૧૯૫૯ સુધી, અને ખરેખર તો ૧૯૬૫ સુધી રાહ જોવી પડી હતી.

આ ઝડપી વિહંગાવલોકન યંત્રવિદ્યાકીય વિકાસનો જ છે, અને માધ્યમો તરીકે ફિલ્મ–રેડિયો–ટીવીની વાત આપણે કરીએ એ પહેલાં એટલું નોંધવું જોઇએ કે વાહન, સંદેશા-વ્યવહાર કે પ્રત્યાયન (કૉમ્યુ-નિકેશન)નાં સાધનોનો જેમજેમ વિકાસ થતો ગયો તેમતેમ આર્થિક ક્ષેત્રે વેપારવણજમાં અને રાજકીય–લશ્કરી કામોમાં પણ એ પ્રયોજાતાં ગયાં. 'સામાજિક પ્રત્યાયન' માટે એનો કોઈ ઉપયોગ કે પ્રયોજનો વિચારાયાં નહોતાં, તેમ એ માટેની જરૂરત અનુભવ્યા પછી એની શોધો નહોતી થઈ. ફિલ્મકલાનો પણ સિનેમાગૃહોમાં વ્યાપારી દૃષ્ટિએ નફો ન દેખાયો ત્યાં સુધી એના વિકાસમાં મોટી હરણફાળો નહોતી ભરાઈ. જોકે સામાજિક નિયંત્રણનાં પરિબળો ત્યારે પણ એટલાં જ સક્રિય હતાં, કે જ્યારે રેડિયો–રિસીવરની સર્કિટો દ્વિમાર્ગી ન કરતાં એક માર્ગી જ રાખવાનું તેઓએ ઇજનેરોને સાનમાં સમજાવી દીધું હતું. નહિ તો દરેક રેડિયો રિવર્સ-સર્કિટ દ્વારા ટ્રાન્સમીટરની પણ ગરજ સારીને રેડિયો-સ્ટેશનોની ઊંઘ હરામ કરી દેતો હોત!

'સમૂહ પ્રત્યાયન' (માસ કૉમ્યુનિકેશન) અને 'જનમાધ્યમો'ની વિભાવના પણ રેડિયો અને તે પછીના ટેલિવિઝનના વિકાસ બાદ જ વિચારાઈ, જોકે એના વિશે આપણે વિગતે આગળ ઉપર જોઈશું.

વળી, આ બધી શોધો વ્યક્તિગત ધોરણે વિવિધ દેશોમાં થવા છતાં, તત્કાલીન સમાજની સંદેશ-વ્યવહારની જરૂરતો સંતોષાતી જતી હતી. ઔદ્યોગિક ક્રાન્તિ, રેલવે, પ્રવાસો, મોટરકાર, યુદ્ધો, વેપાર, વિકાસ, શહેરો વગેરેએ એમાં સહાય કરી હતી. આ બધાંની સાથો-સાથ અન્ય ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર ઘટનાઓ ઘટતી હતી: કાર્લ માર્ક્સ, ડાર્વિન, નિત્શે, ફ્રૉઈડ; નાટક–સાહિત્ય–ચિત્રકલા વગેરેમાં નવતર પ્રયોગો અને પ્રવાહો; લોકચળવળો, નવસમાજ-રચનાઓ અને નવી વિચારસરણીઓ; વર્તમાનપત્રોનો સમૂહ-માધ્યમ તરીકે પ્રભાવ વગેરે. એમાંનું ઘણું પરસ્પર આધારિત હતું અને જાણ્યે-અજાણ્યે યંત્રવિદ્યા-કીય વિકાસના કારણ અને પરિણામરૂપ પણ હતું. સામાજિક ક્ષેત્રે પ્રત્યાયનનાં સાધનો આધુનિકતાનો સંદેશો લાવી રહ્યાં હતાં. જોકે રાજકીય અને આર્થિક પરિબળોએ તો એ માધ્યમોની પ્રભાવશક્તિ પિછાણી, એમને એકમાર્ગી બનાવી, એમને મોટા ઉદ્યોગોમાં ફેરવી, સસ્તાં મનોરંજનો કે 'આપવા જેવી' માહિતીનાં સાધનો બનાવી, એમને 'વ્યાપકતા' અને 'ઝડપ' જેવા જ ઉદ્દેશો ચીંધી એને લોક-ભાગીદારીનાં માધ્યમો બનતાં પહેલેથી જ રોકી દીધાં હતાં. મહાકાય ઉદ્યોગોને બહુસંખ્ય ગ્રાહકોની જરૂર હતી, અને સત્તા-કેન્દ્રોને બહુ-સંખ્ય મતદારો જોઈતા હતા. બન્નેએ મળીને એમને મૂંગામંતર પ્રેક્ષકો બનાવી આભાસી દુનિયાના ઓછાયે મઢી લીધા.

અનુસંધાન] **ઑપરેશન ચિત્ત(ત્ર)ચોર** [પૃ. ૩૭થી

જલદર્શનમાં આવીને રહેલાં મહેમાનોના ખંડ પણ તપાસવામાં આવશે. અમારી પાસે તે બધાની ડુપ્લિકેટ ચાવી છે. આ તપાસ અંગે હું આપ સૌની પરવાનગી છે એમ માની લઉં છું. આશા છે આપનો એમાં સહ-કાર મળી રહેશે. દરમિયાન અહીંનો બધો કાર્યક્રમ પૂર્વવત્ ચાલુ રહેશે. આપ સૌ તે નિશ્ચિત મનથી માણો એવી વિનતિ છે.'

મંત્રીશ્રીનાં પત્ની, કાલિન્દી અને મિ. કે. શાસ્ત્રી જરા વાર થોભી પાછાં જવા તૈયાર થયાં.

આ તરફ કાર્તિકે ગુમ થએલાં ચિત્રોની ફ્રેમો દીવાલ ઉપરથી ઉતરાવી. તેના પર કોઈનાં આંગળાંની છાપ હોય તો તે ભૂંસાય નહિ એ માટે એણે પૂરતી તકેદારી રાખી હતી. વધુ તપાસ માટે એ આ ફ્રેમોને પોલીસ હેડક્વાર્ટરમાં લઈ જવા માગતો હતો. ડી. આઈ. જી. ભંડારી સાથે તેણે આ અંગે જરૂરી વાતચીત કરી લીધી. લાઇટનિંગ કૉલ કરી એણે જયપુરથી ખાસ નિષ્ણાતોને બોલાવવા વ્યવસ્થા કરી. અને પોતાને માટે ખાસ અલગ રખાએલી લૉંચમાં તે ચિત્રોની ફ્રેમ સાથે રવાના થયો. મંત્રીશ્રીનાં પત્ની, તેમની બહેન કાલિન્દી અને મિ. કે. શાસ્ત્રીને પણ એણે પોતાની લૉંચમાં જ સાથે લીધાં. સંગ્રામસિંહને હોટેલમાં ચાલી રહેલી તપાસ માટે એણે જલદર્શનમાં જ રોકાવાનું સૂચવ્યું. મંત્રીશ્રી ડીનર સુધી જલદર્શનમાં જ રોકાવાના હતા.

હોટેલની બીજી બધી લૉંચોને વૉકીટૉકી દ્વારા સૂચના આપી. હોટેલની આજુબાજુના સમગ્ર જલવિસ્તાર પર નજર રાખવા સાબદી કરી દેવાઈ હતી. તેમાંથી ચોતરફ ફેંકાતા પ્રકાશના લિસોટા દૂર નગરના કિનારેથી જોતાં એક અજબ દૃશ્ય સર્જી રહ્યા હતા. ત્યાંથી પ્રકાશમાં ઝળહળતી હોટેલ જલદર્શન સરોવરમાં સ્નાન કરવા ઊતરેલી કોઈ જલપરી જેવી દેખાતી હતી.

કિનારે મોટી પોલીસવાન તૈયાર જ હતી. મંત્રીશ્રીના કુટુંબીઓને સર્કિટ-હાઉસ પહોંચાડવાની વ્યવસ્થા કરીને કાતક ચિત્રોની પેલી ફ્રેમોને બહુ સંભાળપૂર્વક વાનમાં ચડાવી રવાના થયો. (આવતા અંકે પૂરું)

વ્યક્તિ – નિબંધ

પૂનિયો ઢોલી

'આનંદશર્મન'

'હા, બાપા...' 'બોલો, બાપા.'

આ બે વાક્યો પૂનિયાનું જીવન છે. ગમે તેની સાથે વાત કરતો હોય છતાં ય આ વાક્યો તો હોય હોય ને હોય જ. પૂનિયો અમારા ગામનો ઢોલી. ખાસ્સું મોટું કુટુંબ. એને જોઉં છું ત્યારે કવિ 'સુંદરમ્'નો પેલો માજા વેલો યાદ આવે છે. શાળામાં જે દિવસે તે પાઠ ચાલ્યો ત્યારથી પૂનિયો ને માજા વેલો મનમાં એક થઈ ગયા છે. 'સુંદરમ્'નો માજા વેલો મારે મન નવલિકાનું કાલ્પનિક પાત્ર છે. પૂનિયો પૂરેપૂરો વાસ્તવિક. છે ય તદ્દન ભિન્ન, જીવતો-જાગતો, ફરતો-ધૂમતો. ગળામાં ઢોલ લટકે. પછી તેના પર દાંડી પિટાય. લયબદ્ધ. ઘણી વાર પ્રયત્ન કર્યો છે, પરંતુ એવો લય લાવી શક્યો નથી. એ ઢોલ વગાડે ત્યારે માંગલ્ય પ્રકટે. મંગલ અવાજ અને જામી જાય મંગલ વાતાવરણ. સર્વત્ર મંગલ. મંગલ. મંગલ. કાન બરાબર પામી ગયો છે એ અવાજને. આથી પૂનિયો મારે મન માંગલ્યનો માણારાજ છે.

અમારા ગામના ગોલવાડી દરવાજેથી પ્રવેશે તો સીધો રાજમાર્ગ છે. દરવાજા સામે જ ત્રિકોણિયો બગીચો છે. (અલબત્ત, આજે એક પણ ફૂલ ત્યાં જોવા મળતું નથી.) એ બગીચાની પાછળના ભાગેથી ગામમાં ગલીકૂંચી દ્વારા મારે ઘેર પહોંચાય. વચ્ચે રાવળવાસ આવે. ત્યાં જ પૂનિયાનો આવાસ. નાનાં ઝૂપડાં જેવાં મકાનો. બહાર ઢોલિયો ઢાળીને આડે પડખે થયેલા પૂનિયાને ઘણી વાર કુતૂહલથી જોયો છે. સ્થૂલ છતાં ય સશક્ત કાયા, કાળો વાન, માથે લાલ છીંટનું ફાળિયું, માદરપાટનું ઊંચું ધોતિયું, મોટી મૂછો, બટન નહિ બીડેલું જાડું ખમીસ અને દિલ જેવા જ ઉઘાડા પગ. નાતે વાઘરી, કુટુંબકબીલાનો માણસ. નાતનો વડલો. મજાનો વડલો. માણસાઇનો વડલો. પેલા કબીર-વડની જેમ અનેક શાખા-પ્રશાખા ધરાવતો માનવ. કશો ય અનુબંધ નથી તો પણ પૂનિયો મારા પ્રેમનો ભાજન છે.

વાઘરી નાતનો એ એક મુખ્ય માણસ. ચૂંટણી ટાણે સહુ એને સંભારે. થોડાક દિવસ તે 'પૂનિયો' મટી 'પૂનાજી' થઈ જતો. આ પૂનાજીને લોકશાહીએ પાકો બનાવી દીધો છે. કાયમ ભોળો લાગતો પૂનિયો ચૂંટણીટાણે પાકો થઈ જતો. સદાય મન ખોલતો પૂનિયો ત્યારે અકળ બની જતો. એને 'અકળ' જોઈ મને લોકશાહીનો ગર્વ થતો. એ દિવસોમાં એની સાથે વાત કરવાની મઝા આવે. મ્યુનિસિપાલિટીની એક ચૂંટણીમાં મારો ભાણેજ ઊભેલો. મતદાનની આગલી રાતે પૂનિયાના વાસમાં જવાનું નક્કી કરેલું. હું ગયો.

'કેમ પૂનાજી?'

'બોલો, બાપા'

'કાલ માટે કેમનું ગોઠવીશું?'

'ખબર ન પડી બાપા.'

'ચા-પાણીનો ખરચો થયો હશે ને?'

'હા...'

'કેટલા?'

'કેમ?'

'મારે આપવા પડશે ને?'

'શું બોલ્યા, બાપા?' એના ચહેરા પર ગુનાનો ભાવ જાણે ચીતરાઈ ગયો, મને પણ ક્ષોભ થયો, મેં વાત બદલી.

'કાલે કેટલા વાગે વોટિંગ કરશો? બપોરે?'

'બીજાં જેવું તમારી હારે નો કરાય. વહેલી સવારે અમારા મત પડી જશે.'

'એમ!'



'હા, બાપા. તમારે તાં જઇને શું કમાવાનું? પચા-પચ્ચી ખોવાના જ ને?'

પછી ઘણી વાતો ચાલી. મોડી રાત સુધી. પણ ક્યાંય અપેક્ષા ન વરતાય. બીજે દિવસ આઠ વાગતાં એનો વાસ ઊમટ્યો વોટિંગ માટે. એ ચૂંટણી એને ફોરી ગઈ.

પૂનિયાની નાતની જમીન ગામના એક મુસ્લિમ દાણચોરે પચાવી પાડેલી. નાતના મુખ્ય માણસ તરીકે તે બધે ફરી વળ્યો. પણ કોઇએ સહારો ન આપ્યો. ન મદદ કરી. ઠેઠ ધારાસભ્ય સુધી રાવ ગઈ. ધારાસભ્યે ધારા-કાયદાનો રાહ ચીંધ્યો. પણ બધું જ વ્યર્થ. એક દિવસ સવારે મને ભટકાઈ ગયો. માંડીને વાત કરી. મેં રસ્તો બતાવ્યો. (આંગળી ચીંધ્યાના પુણ્ય જેટલો) તો ય ઠીક સમય પસાર થયો, પણ જમીન પાછી આવી. આજે પણ ક્યારેક મળે છે ત્યારે આંખોમાં આભાર ડોકિયાં કરે છે. કામ તો ઘણાંનાં કર્યાં છે, અને પછી કોરીધાકોર આંખો પણ જોઇ છે. ત્યારે બધાંની આંખમાં પૂનિયાની આંખ શોધવા પ્રયત્ન કરું છું અને પૂનિયાની આંખમાં બધાંની. ક્યારેક આંખ પાંખ બને છે. પાંખ કાયમ સ્થિરતા સામે લડે છે. મને તો માણસની આંખ પાંખ જ લાગે છે – પૂનિયા જેવા જૂજ અપવાદ સિવાય.

એક જનોઈના પ્રસંગે પૂનિયાને ઢોલ વગાડવામાં થકવી દીધો હતો. તેના કાળા શરીર પર પરસેવો પથરાઈ ગયો હતો. જો કે પૈસા પણ સારા મળેલા અને સાંજે પિરસણું પણ ખાસ્સું! ખાવાનું લેવામાં એમની નાત કાયમ કજિયાખોર. પૂનિયાના ઘરાક મોટા. લગ્નટાણે સારું ખાવાનું મળે. પૂનિયો સહુને વહેંચીને ખાય. છતાં ય એક વાર એક બીજો નાતભાઈ તેનું નામ લઇને પિરસણું લઈ ગયો. પછી પૂનિયો આવ્યો. ઘરધણીએ વાત કરી. પૂનિયો પાછો જતો'તો ત્યાં સામે હું મળ્યો. મેં પરાણે પૂનિયાને પિરસણું આપ્યું. એને લાગતું'તું કે અનધિકાર તે લઈ રહ્યો છે. ભાગ્યે જ વાઘરીને એ ભાવ જન્મે! છતાં ય પૂનિયો વાઘરી જ છે. એનું મનોજગત સાવ નિરાળું છે. એ પુણ્યાત્મા છે. કદાચ ગયા ભવનું ઓછું પડેલું પુણ્ય આ ભાવમાં ભેગું કરતો હશે! નિવૃત્તિમાં હું મનોજગત પામવાની પ્રવૃત્તિ કરું છું. એ જ તો પ્રવૃત્તિ છે.


પૂનિયો સદાય પ્રવૃત્ત રહે છે. એ સરળ છે અને એનું મનોજગત સરળતા પામવા મથે છે. ઢોલ ઉપર દાંડી પીટાય ત્યારે એના મનોજગતમાં પ્રચ્છન્ન પડેલી મંગલતા રણકે છે. જ્યાં સુધી ઢોલ એનો સાથી છે ત્યાં સુધી પૂનિયો મંગલ રૂપે સોહે છે. અને મને ખાતરી છે કે ઢોલ કદી પૂનિયાને છોડવાનો નથી. વાદ્યન વાદકનું ઘેલું લાગેલું હોય છે! અન્યને ત્યાં પ્રસંગ ટાણે પૂનિયાના ઢોલની સંગત માણી છે. મારે ય મારા માંગલિક ટાણે સાંભળવો'તો એ ઢોલ... પણ... તે હિનો દિવસાઃ ગતાઃ ...હા, બાપા. □




કલાવાર્તા

સ્વર્ગસ્થ કુમારશ્રી મંગલસિંહજી






સુરતાની વાડીમાં મોરલો ગહેકાવનાર લાઠીના રાજવી કવિ 'કલાપી'ના કલાકાર પૌત્ર કુમારશ્રી મંગલસિંહજીનું તાજેતરમાં અવસાન થતાં ગુજરાતમાં ભીંતચિત્રોના નિષ્ણાત અને પ્રતિભાવંત આગવી શૈલીના એક અભિજાત કલાકારની ખોટ પડી છે.

સૌરાષ્ટ્રમાં લાઠી મુકામે એમનો જન્મ. પિતા પ્રતાપસિંહજી પાસેથી સંગીત અને ચિત્રકળાનો શૉખ પામ્યા. રાજકોટની રાજકુમાર કૉલેજ, અને નાદુરસ્ત તબિયતને કારણે દક્ષિણ ભારતમાં કોડાઈકૅનાલમાં ગાળેલાં ચાર વર્ષ તથા શ્રીલંકાના પ્રવાસે એ શૉખ પાંગર્યો. દહેરાદૂનની મિલિટરી કૉલેજમાં પણ તેઓ રહેલા, પરંતુ નબળા દેહ ને કલા પ્રત્યેની ભાવકતાને કારણે ત્યાં એમને બહુ ફાવ્યું નહોતું. ભારતીય કલાપરંપરા તરફ કેળવાએલી ચાહનાથી પ્રેરાઇને સૌરાષ્ટ્ર-ગુજરાતની ચિત્રકળાના તળપદા રૂપને પોતાની આગવી શૈલીમાં ઉતારવાનું તેમનું લક્ષ હતું.

ઈ. ૧૯૩૮માં તેઓ ઇંગ્લૅન્ડ-યુરોપના પ્રવાસે ગયા ત્યારે એમની મનોભૂમિમાં મંથિત રહેલી આગવી પરિપાટીનું સ્વરૂપ મૂર્ત થયું. યુરોપમાં એમણે ફ્રૅંક ઍંગવીન જેવા ભીંત-ચિત્રકાર પાસેથી તાલીમ મેળવી અને જૂનાં ચિત્રોના સમારકામ (રિનોવેશન)-ના પણ એ નિષ્ણાત બન્યા. જામનગર, જયપુર, ધ્રાંગધ્રા, ભાવનગર વગેરેના રાજવીઓના સંગ્રહમાંના અનેક બિસ્માર ચિત્રોને એમણે પોતાના આ કસબ દ્વારા નાશ પામતાં બચાવી લીધેલાં. દિલ્હીના રાષ્ટ્રપતિભવનમાં એમણે સૌરાષ્ટ્ર-ગુજરાતનાં રાચરચીલાંનું પરંપરિત તળપદી રીતનું કંડારકામ કરાવીને ત્યાંનો 'દ્વારકા સ્વીટ' સજાવેલો છે. આ ઉપરાંત અનેક રાજપ્રાસાદોમાં તથા વિશિષ્ટ ઇમારતોમાં એમણે સુંદર ભીંતચિત્રો કરેલાં છે. ચિત્રસર્જનોમાં એમને વિશિષ્ટ ને સુંદર એવા–ખાસ કરીને શ્રીકૃષ્ણજીવનનાં ચિત્રોમાં સવિશેષ રસ હતો. અપભ્રંશ શૈલીનાં રંગો, મોતીગૂંથણ અને ભરતકલાની રચના તથા

◁ ભીંતચિત્ર એટલે કે 'ફ્રેસ્કો'ની કળામાં શ્રી મંગલસિંહજી નિષ્ણાત હતા. સામેના પૃષ્ઠ ઉપર, જામનગરના 'ગુલાબકુંવરબા ધન્વંતરિ આયુર્વેદ મહાવિદ્યાલય'ના સંથાગાર 'ધન્વંતરિ મંદિર'ની ભીંત ઉપર એમણે કરેલા ૯૬ ફૂટ લાંબા અને ૫ ફૂટ પહોળા ભીંતચિત્રના ત્રણ ખંડ દર્શાવ્યા છે. આયુર્વેદ-નિષ્ણાત ચરકમુનિ પાસે દેશવિદેશના વિદ્યાર્થીઓ વૈદ્યવિદ્યા શીખવા આવતા તે આ પ્રલંબ ભીંતચિત્રનો વિષય છે. તેમાં મથાળાની ચિત્રપટ્ટીમાં કેન્દ્રમાં ભગવાન ધન્વંતરિ અને તેમની બંને બાજુ વૈદ્યવિદ્યાવાંછુ શિષ્યોનું આલેખન છે: બીજી બે ચિત્રપટ્ટીઓમાં આચાર્ય ચરક પાસે ઔષધીય વનસ્પતિઓનું જ્ઞાન લેતા દેશવિદેશના શિષ્યગણ તથા આશ્રમનું ચિત્રણ છે. દેશવિદેશના પરિવેશ સાથે પશ્ચાદ્ભૂમિની પ્રકૃતિપરાયણ ભૂમિકા ચિત્રકારની સૂઝ અને નિજી શૈલી દર્શાવે છે. આધુનિક ચિત્રકારોની ચિત્રસંકલનામાં એમનાં ભીંતચિત્રો જેટલું પ્રલંબ કદ કદાચ જ કોઇએ સાધ્યું હશે. ઉપર એમનાં બીજાં બે ચિત્રસંયોજનો 'શિકાર' અને 'ગોપાલકૃષ્ણ' આપ્યાં છે.



રમેશ પારેખ

ખમ્મા, અમરેલીના નાક
તને ઘણી ખમ્મા!

વિનોદ ભટ્ટ

તારીખ ૧૧-૫-૧૯૮૦. હું, મારી પત્ની નલિની અને રઘુવીર ચૌધરી અમરેલી જતાં હતાં. અમારી સામે બેઠેલો સહપ્રવાસી અમરેલીનો હતો. વાતમાંથી વાત નીકળતાં તે બોલ્યો: 'ભલું થાજો જીવરાજ મે'તાનું કે તેણે અમરેલીને તાલુકામાંથી જિલ્લો બનાવી દીધો. અત્યારના પોલિટિશિયનો વળી પાછા જિલ્લાને તાલુકો બનાવવાના કામે લાગી ગ્યા છે...'

મેં તેને પૂછ્યું: 'કવિ રમેશ પારેખને તમે ઓળખો?' 'આલે ...લે! રમેશને અમરેલીમાં કોણ ન ઓળખે?... એ તો બાપ અમરેલીનું નાક છે, નાક...' તેની આંખમાં રમેશ ચમકતો હતો.

બસ, આ જ ફરક છે પૉલિટિશિયન અને પોએટ વચ્ચે. એક જિલ્લાને તાલુકો બનાવે છે ને બીજો નગરને મહાનગર. દરેક નગરને એકાદ વરદાન મળી જતું હોય છે. અમરેલીને રમેશ મળ્યો છે.

અમે રમેશના સમ્માન-સમારંભમાં જતાં હતાં. અમરેલીની આંખે અમારે રમેશને જોવો હતો. જોયો. તેના સમ્માન-સમારંભમાં ખાસ્સી મોટી ભીડ હતી. એક કવિને સમ્માનવા આટલું બધું લોક ઊમટે? કોઈ પણ કવિ માટે પોતાના જ નગરમાં માન મેળવવા જેવું સદ્ભાગ્ય બીજું શું હોય! માનપાન આપવાની બાબતમાં જે તે કવિનું નગર હમેશાં છેલ્લું હોય છે. કવિ કલાકાર માટે પોતાના નગરમાં સમ્માન મેળવવું ઘણું અઘરું હોય છે. માનો કે નગર આવું માન આપે તો ય એ માટે મેળવનારને માથાના તમામ વાળ સફેદ કરી નાખવા પડે અને શરીરની ચામડી લબડી પડે ત્યાં સુધી ધીરજ ધરવી પડે. ષષ્ટિપૂર્તિ ઊજવાય એવું મનોમન ઇચ્છનારે મિત્રો પાસે કહેણ મોકલવાં પડે છે. આ સત્તરમીએ સાઠ વરસ પૂરાં થયાં એવું ઊના નિસાસા સાથે વારંવાર બોલવું પડે છે. જન્મના દાખલાની ઝેરોક્સ નકલો કઢાવીને નગરના મહાજનોને સાબિતી માટે આપવી પડે છે. જો મહાજન રીઝે તો થોડુંક માનપાન મેળવવા સદ્ભાગી થવાય છે. કવિ હોમર માટે કહેવાય છે કે તે મૃત્યુ પામ્યો ત્યારે ઍથેન્સનાં ત્રણત્રણ નગરોએ એવો દાવો કરેલો કે હોમર અમારો કવિ ગણાય. જેના સમર્થનમાં ત્રણેય નગરોની એક જ દલીલ હતી, ને તે એ કે હોમર જીવતો હતો ત્યારે અમારા નગરમાં ભીખ માગતો હતો.

જ્યારે આ અમરેલી ગામે તારીખ ૨૩-૧૧-૧૯૪૦ના રોજ જન્મેલા ભરયુવાન કવિ 'ર. પા.'નું સામે ચાલીને બહુમાન કર્યું. નગરપાલિકાથી માંડીને તે એન્જિનિયર્સ ક્લબ ઑવ અમરેલી સુધ્ધાંની ત્રીસેક જેટલી સંસ્થાઓએ સાથે મળીને કવિને સમ્માન્યો. ચૂંટણીની ફસલમાં સમય કાઢવાનું કામ ઘણું કપરું છે. એમાં ય પાછું એક કવિના સમ્માન કાજે! ખુદ પોતાનું સમ્માન હોય તો પણ તેમાં હાજર રહેવા જેટલો સમય વેડફવાનું કોઈ રાજકારણીને પરવડે નહિ. તો પણ જુદાજુદા રાજકીય પક્ષના મોવડીઓ—આ બધાની વિચારસરણી ભલે અલગઅલગ હશે, મતમતાંતરો હશે એકબીજા સાથે, પણ આ રમેશ પારેખ નામના કવિના સમ્માન બાબત બધા એકમત છે. એમ પુરવાર કરવા એ બધાએ ખાસ હાજરી આપી હતી. અમરેલીના આઠ વરસની ઉંમરના એક બાળકના મુખે આ શેર સાંભળવા મળેલો:

'આખું શહેર જાણે મિંચાયેલી આંખ છે;
એમાં રમેશ આવ્યો છું સપનાની જેમ હું.'

રમેશ માટેનો અમરેલીનો પ્રેમ જોઇને ગદ્ગદ થઈ જવાએલું. અમરેલી છોડીને રમેશ ગાંધીનગર જઈ રહ્યો હતો એની વેદના અમરેલીની આંખમાં ડોકાતી હતી. અમરેલીનો વિરહ નહિ સહેવાતાં જ રમેશ સત્વરે ગાંધીનગરથી પાછો ફરી ગયો હોવો જોઇએ. અમરેલીને રમેશ દિલ ફાડીને પ્યાર કરે છે. અમરેલી વિશે તેણે લખ્યું છે: 'એવું વસિયતનામુ કરવાની જરૂર નથી મારે કે મારા મરણ પછી મારી રાખ અમરેલીની નદીઓમાં વહાવજો, મારાં અસ્થિઓનું ચૂર્ણ કરી અમરેલીનાં ખેતરોમાં છાંટજો, જેથી મારા ગામ-અમરેલી-ની રજેરજમાં હું ભળી જઉં અને સૌમાં ઓતપ્રોત થઈ જઉં. કેમ કે અમરેલી અને હું અલગ નથી. એક જ માટીની સરજત છીએ એવું લાગે છે. અમરેલી ઊછરી રહી છે મારામાં અને અમરેલીની નાળે વળગીને એના ગર્ભાશયમાં હું ઊછરી રહ્યો છું. અમરેલીની હવામાં મારા પ્રથમ રુદનનાં આંદોલન ઝિલાયાં છે. અમરેલીની ધૂળમાં મારી પહેલી પગલીની છાપ અંકિત થઈ છે. મારાં બચપણ કૈશોર્ય અને જવાનીને પસાર થતાં જોયાં છે. પોતાની અમી નજરથી અમરેલીએ.

'ચશ્માં વગર અને ચશ્માંમાંથી મેં જોએલી અમરેલી અંદરથી હજુ બદલાઈ નથી મારા ચશ્માંના નંબરો વધતા રહે છે પરંતુ અમરેલીની નજર એવી ને એવી તેજસ્વી અને સાફ છે.

'સ્વભાવે અક્ખડ છતાં ઉદાર છે અમરેલી. તેણે મારા જન્મ સાથે તેનું નામ જોડાવા દીધું છે, એ ઋણ છે એનું મારા પર.'

અમરેલીનો પર્યાય બની ગએલો આ કવિ લોકહૃદયમાં સ્થાન પામ્યો છે. એટલું જ નહિ, વિદ્વાનોમાંય તે પ્રતિષ્ઠા પામ્યો છો. માન-અકરામ પણ ઢગલાબંધ પ્રાપ્ત કર્યાં છે. તેને નર્મદ-ચન્દ્રક મળ્યો ત્યારે મેં પૂછેલું: 'અત્યારે—તું શું 'ફીલ' કરી રહ્યો છે?' જેના જવાબમાં કાનમાંનું રૂ ઠીક કરતાં તેણે કહેલું: 'વિનોદભાઈ, ઇનામ એ ઇનામ છે, પણ કવિતા એ કવિતા છે...' કદાચ આ જ કારણે કવિતા તેના પ્રેમમાં હશે. કેટલીક કવિતાઓ તો એવી છે જે રમેશ જ લખી શકે. 'ખુલ્લી તલવાર જેવી છોકરી સવારના ખુલ્લા અજવાળામાં; જનોઈવાઢ ધારકો પડચો કે હાથ ક્યાં છે, તો લોહી કહે: કલરવમાં ઓગળી ગયા છે....'

'ખુલ્લી તલવાર જેવી છોકરી'ની ઉપમા આપણને પહેલી જ વાર મળે છે. અગાઉના કવિઓ ગોફણ જેવી આંખના મારથી કે તીર યા કટાર જેવા નેત્રકટાક્ષથી મૂર્છિત થઈ જતા; રમેશનું કાઠું વધુ મજબૂત છે. તેની મૌલિકતા મને ગમે છે. તેને મેં મૌલિક રીતે હસતો જોયો છે, ગાતો જોયો છે, પતરાની બૅગ પર તાલ વગાડતો જોયો છે, શરમાતો જોયો છે. તેની વાતોમાં અનેરી તાજગી વરતાય છે.

રમેશ સાથે તેના પરમ મિત્ર નિશિથની ઑફિસમાં ગાળેલી એ સાંજ યાદ આવે છે: તે લ્હેરમાં હતો, જરા જુદા જ રંગમાં હતો. મેં તેને પ્રશ્ન કર્યો: 'રમેશ, કવિ થવાનું સ્વપ્ન તેં સેવેલું?'

'ના, જરાય નહિ...' તેણે જવાબ આપ્યો: 'કવિ થવાની તો તલભારેય ઇચ્છા નહોતી. સ્કૂલમાં પણ કવિતા તરફ આકર્ષણ નહિ, સ્પર્શ સુધ્ધાં નહિ; કદાચ ઍલર્જી હતી એમ કહી શકાય. પહેલાં હું વાર્તાઓ લખતો. એક દિવસ અનિલ જોશી અમરેલી આવ્યો. પહેલા જ પરિચયમાં અનિલે કહ્યું કે તે કાવ્યો લખે છે. આ નવા ટ્રેન્ડની કવિતા છે. રસ પડે ને એવી કવિતા લખી શકે તો મને મોકલજે. અનિલે કહ્યું એના દસમા જ દિવસે ઝનૂનપૂર્વક લખેલી ૧૫-૨૦ કવિતાઓ

તેને ટપાલમાં મોકલી. 'રે મઠ'ના મિત્રો પાસે તે મુકાઈ. એમાંની ચાર-પાંચ તો એ બધાને બહુ જ ગમી. 'કૃતિ'માં છપાઈ. બસ, ત્યારથી આપણે કવિ થઈ ગયા. ક્યા બાત હૈ ...!' કહી તે મોટેથી હસી પડ્યો. પછી બોલ્યો : 'જો કે અત્યારે, આ ટાણે પણ મારી જાતને હું કવિ નથી ગણતો. આ નમ્રતા નથી. સંપૂર્ણ ગંભીરતા સાથે કહું છું કે મારી જાતને હું કવિ નથી ગણતો...'

'કેમ ?'

'કેમ કે જેને આપણે સંપૂર્ણ કહી શકીએ એવી કવિતા, મારી અપેક્ષા પ્રમાણેની કવિતાઓ હજી મેં લખી નથી... હું કવિ નથી માનતો મારી જાતને...'

'તો કોને તું કવિ માને છે ?'

'લાભશંકર ઠાકર અને સિતાંશુમાં રસ પડે છે... વધારે લાભશંકરમાં...'

'કારણ ?'

'લા. ઠા.માં સાહજિકતા આવે છે, આયાસ વગર લા. ઠા. લખે છે.'

'લા. ઠા. આયાસ વગર લખે છે. એ સાચું, પણ એથી એ કવિતા બને છે ખરી ?' તેને ઉશ્કેરવા મેં પૂછ્યું.

'તો જ ગમેને !...' તે મક્કમતાથી બોલ્યો.

'પણ કેટલાક વિવેચકોના મતે લાભશંકરની કવિતામાં ગદ્ય સિવાય કશું છે જ નહીં...' તેને અકળાવવા મેં બીજો બાઉન્સર ફેંક્યો.

'ગદ્ય-પદ્ય એ તો સ્થૂળ બાબત છે, ગૌણ વાત છે. મોહમ્મદ માંકડ સાથે મારે આ જ વાતનો મતભેદ છે. હું તો સારી નવલકથા કે સારા નાટકને ય કવિતા કહું છું, ગણું છું. ગદ્ય ને પદ્ય એ તો આપણે પાડેલાં ખાનાં છે. બાકી આપણી રુચિ આવાં બંધન નથી સ્વીકારતી. ગમવું એ જ મોટી વાત છે આમ તો. જે ગમી જાય એ જ કવિતા. મોહમ્મદ માંકડ કહે છે કે નવલકથાનું ફૉર્મ જુદું છે. હું કહું છું કે એ વ્યવહાર માટે આપણે પાડેલાં ખાનાં છે. નવલકથા, રનિંગ લાઈનમાં લખી નાખું તો એ કવિતા બની જાય.'

'પણ કોઈ વિવેચક એ વાત નહીં સ્વીકારે.'

'એ વિવેચકોનો પ્રશ્ન છે, મારો નથી.'

'કવિ બનવાની પ્રેરણા તને ક્યાંથી મળી ?' એક ચીલાચાલુ સવાલ મેં પૂછ્યો.

'મારી સાત પેઢીમાં કોઈ કવિ પાક્યો નથી. અમે વાણિયા અને વેપાર કર્યો. અર્જિત કરેલ દ્રવ્યનો પિતાશ્રીએ સટ્ટો કરી બધું ફૂંકી માર્યું એટલે મારા ભાગે એક જ કર્મ આવ્યું—કવિતા કરવાનું...'

'કવિતા કરવા માટે સ્ત્રી કે એવી કોઈ પ્રેરણા ?'

'ના, પ્રેરણા ને એ બધી બોગસ વાતો છે...પ્રેરણા મને તો અનિલ જોશીની પેલી 'લખી શકે તો'ની ચૅલેન્જમાંથી મળી છે, જે મૂંઝવ્યા કરતી હોય ને તેમાંથી કવિતા આવતી હોય.'

'તારી કવિતામાં 'સોનલ'નો નામોલ્લેખ આવ્યા કરે છે. સોનલ તમે ગયાં, તમે ઘેર આવ્યાંને...સોનલ તમને ફૂલ દીધાનું યાદ... કોણ છે એ સોનલ ?'

'સોનલને ?...' તે ગળું ખંખેરતાં બોલ્યો : 'એ પેલી ચૅલેન્જ પણ હોઈ શકે....'

'રસીલાબહેન-તારાં પત્ની-તારી કવિતાઓમાં રસ લે છે ? વાંચે... સાંભળે છે ?'

'આ બાબત મેં તેને કદી પૂછ્યું નથી...' તળપદું હસતાં તે બોલ્યો.

'એ ભ્રમ સાચવી રાખવો સારો. કદાચ કહી દે કે નથી વાંચતી તો આઘાત લાગે ખરો ?' મેં મજાકમાં પૂછ્યું.

'ના, સાવ આઘાત જેવું તો ન લાગે, પણ ડિસ્ટર્બ થાઉં ખરો... જો કે એ ખરું કે મારી કવિતાઓ સાંભળીને તાળીઓ ઘણુંય પાડે છે એક જણ નહીં પાડે તો એથી યે શો ફેર પડવાનો ! અને નહિ પૂછવામાં ભ્રમ ચાલ્યા કરે છે—ભ્રમમાં જીવવાનું સારું લાગે છે.'

'તારા સસરાનો શો અભિપ્રાય છે તારી કવિતા માટે ? કવિતા અંગે એ કંઈ પૂછપરછ કરે ખરા ?'

'લખવાનું કેમ ચાલે છે ?' એવું પૂછતા.

'લગ્ન પહેલાં કે લગ્ન પછી ?'

'લગ્ન પછી...વિનોદભાઈ, એક વાત કહી દઉં. અમારાં લવ-મૅરેજ છે.'

'એ કેવી રીતે થયાં ?... કવિતા આડી ઊતરી ?'

'રસીલા ઑલ ઇન્ડિયા રેડિયોની આર્ટિસ્ટ છે...કવિતા નિમિત્તે મારે રેડિયો સ્ટેશન પર જવાનું થાય. બસ, એમાંથી પ્રેમ ને પછી લગ્ન.'

'સાચું કહેજે રમેશ, કવિતા લખવા બદલ કોઇ દિવસ પસ્તાવો થાય છે ખરો, ખાસ કરીને લગ્ન પછી ? કવિતાને દોષ દેવાનું મન થાય છે ?'

'ના, કવિતાને એ માટે દોષ દેવાનું મન નથી થતું; કારણ કે કવિતા તો એ માટે નિમિત્ત માત્ર જ છે. ખેતીવાડી વિષયક ભાષણ આપવા રેડિયો પર ગયો હોત તો ય કદાચ આમ બન્યું હોય...'

'તું જ્યાં નોકરી કરે છે, રહે છે, ત્યાં બધા તારા માટે શું વિચારે છે ?'

'કોઇને એવી ખાસ પડી નથી હોતી. જાણે કે કવિ છે. બસ કોઈ ઈર્ષા નથી કરતા...'

'પણ સામે તું યે એ લોકોને તારી કવિતાથી ઈર્ષા નહિ જ કરતો હોય ને ?'

'સાપને કોઈ છંછેડે નહિ ત્યાં સુધી સાપ કોઇને કરડતો નથી.' કહી તે નિર્દંશ હસ્યો.

'તું નાનો હતો ત્યારે ખૂબ તોફાની હતો એ વાત સાચી ?'

'ખૂબ જ...છુટ્ટા હાથે પાણાના ઘા કરતો. મારી શેરીનો દાદો ગણાતો...પણ એ બધું હવે અંદર ઊતરી ગયું છે. અત્યારે ય જો કે લોકો પર હું શબ્દોના ઘા કરું છું.'

'છતાં કોઈ તેની ફરિયાદ નથી કરતું રમેશ, કેમ કે તારી પાસેથી શબ્દો ફૂલ બનીને આવે છે જે લોકો ઝીલી લે છે...'

રમેશ ભલે એવું કહેતો કે તે પહેલાં જેવો તોફાની નથી રહ્યો. પણ તેણે આલા ખાચર પર કાવ્યો કર્યાં ત્યારે તેના પર ગુસ્સે ભરાઇને પડખેના ગામવાળા કેટલાક દરબારોએ તેને ધમકી આપેલી કે હવે જો આવી કવિતા કરીશ તો જોયા જેવી થઈ જશે...ને એ ચૅલેન્જ થઇ કે તેણે તરત જ આલા ખાચર પર બીજી પંદર કવિતાઓ ઝનૂનપૂર્વક લખી નાખી. આ કૃતિઓમાં વ્યંગ અને વિનોદનું તત્ત્વ ભારોભાર છે. આ માર્મિક કાવ્યોમાં જે પ્રહારો છે. તે કોઈ એક વર્ગ પર નહિ, વૃત્તિ પર છે. આપણી ભીતરમાં લપાઇને બેઠેલા આલા ખાચરને શોધવામાં આ કવિતાઓ મદદ કરશે તો રમેશ પારેખનો 'ખમ્મા આલા ખાચરને ખમ્મા, ઘણી ખમ્મા' લખ્યાનો શ્રમ સાર્થક ગણાશે. □

સાહિત્યસંપર્ક

આવકાર

શાળામુક્ત સમાજ: શિક્ષણની ક્રાંતિકારી તાત્ત્વિક વિચારણા રજૂ કરનારા અને અદ્યતન વાસ્તવિક જગતના પ્રશ્નોના વિશ્લેષણ સાથે શિક્ષણ ને સમાજનો સંબંધ વ્યાપક માનવ-મૂલ્યોને કેવી રીતે સંવાદી બની શકે તેનું દિશાસૂચન કરનાર, ઈવાન ઇલિચના સુપ્રસિદ્ધ અંગ્રેજી પુસ્તક 'ડીસ્કૂલિંગ સોસાએટી'નો પ્રસિદ્ધ કેળવણીકાર શ્રી અમૃતલાલ યાજ્ઞિક તથા શ્રી દુષ્યંત પંડ્યાએ કરેલો અનુવાદ.
(પૃ. ૧૬૨, કાચું પૂઠું, કિં. રૂ. ૧૫).

રાજકારણમાં મનુષ્યસ્વભાવ: રાજકારણમાં માનસશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ સમજાવતા ગ્રેહમ વાલેસના 'હ્યુમન નેચર ઈન પોલિટિક્સ'નો ડૉ. દિલાવરસિંહ જાડેજાએ કરેલો અનુવાદ.
(પૃ. ૨૫૪, પાકું પૂઠું, કિં. રૂ. ૩૦.)

માનવી એવરેસ્ટનો: ઈ. ૧૯૩૫માં ૨૧ વર્ષની ઉંમરે પહેલી વખત એવરેસ્ટ-આરોહણના સાહસમાં જોડાવાની તક મળી તે પછી સાતમા ચઢાણ વખતે ૧૯૫૩માં અંતે એડમન્ડ હિલેરી સાથે તેનસિંગ નોર્ગેએ તે અજય ગણાતા ઉચ્ચોચ્ચ શિખર પર વિજય મેળવ્યો. આ એવરેસ્ટ-આરોહણની તેનસિંગે સ્વમુખે જેમ્સ રામ્સેને કહેલી રોમાંચકારી કથા 'મૅન ઑફ એવરેસ્ટ'નો મીરાં ભટ્ટે કરેલો અનુવાદ.
(પૃ. ૩૬૯, પાકું પૂઠું, કિં. રૂપિયા ૩૫.)
આ ત્રણે પુસ્તકના પ્રકાશક: ભાષાંતરનિધિ, ભાવનગર. મુખ્ય વિક્રેતા: સદ્‌ભાવ પ્રકાશન, ૫૭/૬૨ કાપડિયા એસ્ટેટ, રતનપોળ, ગોલવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

સ્મૃતિ અને સંવેદન: કપડવંજના એક અભિનત વ્યક્તિવિશેષ શ્રી શંકરલાલ હરજીવદાસ શાહની આત્મકથા. આ કથામાં આ સદીના કપડવંજના ઇતિહાસથી માંડી, એ કાળની સામાજિક સ્થિતિ, પચાસ વર્ષ પહેલાંની આફ્રિકાવાસી હિન્દીઓની સ્થિતિ, વેપાર, ખામી-ખૂબીઓ, ત્યાંનાં નૈસર્ગિક ને ભૌગોલિક વર્ણનો, પ્રથમ વિશ્વયુદ્ધ પછીની વિવિધ પરિસ્થિતિઓ, આફ્રિકામાં હિંદીઓએ સાધેલી પ્રગતિ અને એમની સાંસ્કારિક પ્રવૃત્તિઓ, ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષની વિગતો ને વર્ણનો, પોતાના જેલવાસના અનુભવો વગેરેનું નિખાલસ વર્ણન તથા આ વર્ષો દરમિયાનની સામાજિક-રાજકીય બાબતોનું પૃથક્કરણ અને તે અંગેનાં મંતવ્યો અને ઉકેલોનો સમાવેશ કરી લેખકે એને બહુ રોચક સ્વરૂપ આપ્યું છે. કુલ ૪૨ પ્રકરણમાં વિસ્તરેલી આ આત્મકથામાં લેખકના બચપણ, અભ્યાસ, વ્યવસાય, આફ્રિકા-વાસના અનુભવો વગેરે તો હોય જ, પણ એ સાથે એમણે આપણી સ્વાતંત્ર્યલડત, પોતાનાં વિધવિધ સામાજિક કાર્યો પાછળની ભૂમિકા, ભારત-સ્વાતંત્ર્ય સમયનાં વર્ણનો, વિવિધ નેતાઓ સાથેના સંપર્કના પોતાના અનુભવો, ધારાસભામાં પ્રવેશ્યા પછીનાં વિવિધલક્ષી અનુભવો, શિક્ષણ અને કૃષિવિષયક પ્રવૃત્તિ અને અનુભવો ને પોતાના ચિંતનોને એમણે બહુ રોચક અને માહિતીપ્રદ રીતે વણીલઇને એ રીતે આ કથાને દસ્તાવેજી મૂલ્ય બક્ષ્યું છે.
(પૃ. ૩૦૦, પાકું પૂઠું, કિં. રૂ. ૪૦.)
પ્રકાશક: કલ્યાણ ચેરિટેબલ ટ્રસ્ટ, નવા દરવાજા રોડ, ખાડિયા, અમદાવાદ-૧.

૧૯૮૨ની સાલનું ગ્રંથસ્થ વાઙ્મય: કાવ્ય, નવલકથા, ટૂંકી વાર્તા, નાટક, વિવેચન-સંપાદન, નિબંધ-ચરિત્ર-પ્રવાસ, બાલસાહિત્ય અને પ્રકીર્ણ એવા આઠ વિભાગમાં ઈ. ૧૯૮૨ના ગ્રંથસ્થ વાઙ્મયની ડૉ. મધુસૂદન પારેખે કરેલી સમીક્ષા.
(સમીક્ષાર્થે મળેલાં પુસ્તકોની યાદી સહિત પૃષ્ઠ ૨૩૮, કાચું પૂઠું, કિં. રૂ. ૨૫.)
પ્રકાશક: ગુજરાત સાહિત્ય સભા, પાલડી-પશ્ચિમ, અમદાવાદ-૭.

જ્ઞાનદેવ: મધ્યકાલીન મહારાષ્ટ્રના સંત ને મરાઠી ભાષાના આદ્ય કવિ જ્ઞાનદેવના જન્મકાળ અને દેશપરિસ્થિતિ, એમનો સાહિત્ય-વૈભવ અને તેનો અભ્યાસ વગેરેનું સરલ વિશદ શિષ્ટ ભાષામાં ઉદાહરણ-અવતરણ સહિત વ્યવસ્થિત વિગતવાર તેમજ તલસ્પર્શી નિરૂપણ. લેખિકા શ્રીમતી મૃણાલિની દેસાઈ.
(પૃ. ૧૩૨, પાકું પૂઠું, કિં. રૂ. ૨૩.)
પ્રકાશક: સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦.

બે પરિચય પુસ્તિકાઓ: નં. ૬૨૫ અને ૬૨૬.

ભરણપોષણનો કાયદો: પતિથી વિખૂટી પડેલી પત્નીને પોતાનાં ભરણપોષણ માટે કાયદેસર કયા કયા અધિકારો છે, તે મેળવવા માટે કયા વિધિ છે તથા એને કયા સંજોગોમાં કેટલું મળી શકે વગેરે મુદ્દાઓની વિગતે સમજણ આપતી માહિતીપ્રદ પુસ્તિકા. લેખક: હરીશ યાદવ.

મોપાસાં: પશ્ચિમના સુખ્યાત નવલિકાકાર ગાય દ મોપાસાંનો પરિચય અને એની કૃતિઓમાંથી લીધેલાં ઉદાહરણો દ્વારા તેના સાહિત્યિક અભિગમનો સરલ સુગમ પરિચય આપતી પુસ્તિકા. લેખક ગુલાબદાસ બ્રોકર.
(દરેકના પૃ. ૩૨. કિંમત દરેકની રૂ. ૨.)
પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મૅમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઇ-૨.

વાંદા

દુનિયાના લગભગ બધા જ ગરમ પ્રદેશમાં વાંદા થાય છે. ઓછા ગરમ પ્રદેશમાં એ ઊંડી હૂંફાળી ખાણોમાં જોવા મળે છે. એમની લગભગ ૩૫૦૦ જેટલી જાત છે, જેમાંની કેટલીક જાત ઠંડા પ્રદેશમાં પણ ટકી શકે છે. પાંખાળાં જીવડાંમાં વાંદા લગભગ ત્રીસ કરોડ વર્ષોથી બહુ જ ઓછા ફેરફાર સાથે હજી સુધી ટકી રહ્યા છે. ગંદકી અને હૂંફમાં વસતા આ વાંદા અનેક રોગચાળા પણ ફેલાવે છે.

ગુંદર, હાડકું, કાગળ, વીજળીના તાર ઉપરનાં પડ, શાહી વગેરે વગેરે ઘણું બધું એ ખાય છે એટલું જ નહિ, અમુક માદાઓ ક્યારેક સંવનન પછી નરને પણ ખાઈ જાય છે. ઇંડાં મૂક્યાં પછી કેટલીક માદાઓ એને પાછાં પોતાના દેહમાં ખેંચી લે છે અને ત્યાં એ ઈંડાં સેવાઇને તેમાંથી બચ્ચાં જન્મે છે. 'મૅક્રોપન્થેસીનિયા રહીનોસેરસ' નામની ઑસ્ટ્રેલિયામાં થતી વાંદાની એક જાતમાં તેનું કદ ૧૫-૧૬ સે.મી. જેટલું લાંબું હોય છે.

વાંદાના જ્ઞાનતંતુઓનું કેન્દ્ર તેના માથામાં નહિ. પણ દેહમાં હોવાથી કેટલીક વાર તેનું માથું કપાઈ ગયા પછી યે સાતસાત દિવસ સુધી એ જીવે છે. જંતુનાશક દવાઓ સામે વાંદાની પ્રતિકારશક્તિ પણ સારી હોય છે અને રેડીએશન સામે તો એ માણસ કરતાં દસ ગણી પ્રતિકારશક્તિ દાખવે છે.

કેન્સાસ યુનિવર્સિટીમાં શોધાયું છે કે વાંદાને કાકડીની છાલની વાસ તથા 'બે' નામની એક વનસ્પતિનાં પાનની વાસ ગમતી નથી. આ પરથી એમને હઠાવવા માટેની દવાઓમાં આવી વાસ ઉમેરવાની દિશામાં પ્રયોગો થઈ રહ્યા છે. માદા વાંદાની ગંધ નર વાંદાને છેક ત્રીસ મીટર જેટલે દૂરથી ઉત્તેજિત કરે છે. આવી ગંધ હવે કૃત્રિમ રીતે પણ બનાવી શકાય છે અને વાંદા મારવાની ઝેરી દવામાં તેના ઉપયોગની ચકાસણી થઈ રહી છે. □

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

મેવાડના ઇતિહાસમાં ભામાશાહનું નામ જેટલું જાણીતું છે એટલું અમરચંદ બડવાનું નથી, પરંતુ એ પણ ભામાશાહ જેવા જ નિઃસ્વાર્થ અને રાજ્યના હિતચિંતક હતા. એના પિતા શંભુરામ મહારાણા જગતસિંહ બીજાના સમયમાં ઉદયપુર આવેલા અને રાજમહેલના રસોઇઘરના ઉપરી હતા. એમણે પુત્ર અમરચંદને એવી રીતે કેળવ્યો કે રાજ્યના એકેકથી ચઢિયાતા પદે નિમાતા રહી છેવટે તે મેવાડના દીવાનના પદે પહોંચ્યો. એની કુશાગ્ર બુદ્ધિએ જ સિંધિયાની સેના સામે ઉદયપુરનું રક્ષણ કર્યું હતું, એટલું જ નહિ, મેવાડનો ખજાનો પણ તળિયાઝાટક થઈ જતો બચાવ્યો હતો.

મહારાણા અરિસિંહની નબળાઇનો લાભ લઈ રતનસિંહ અને અન્ય સરદારોએ તેની સામે બંડ ઉઠાવ્યું. એ બંડને દબાવવા અમરચંદે સેનામાં નાગા બાવાઓની ભરતી કરી તથા સિંધિયાની મદદ માગી. સિંધિયાએ આ મદદના બદલામાં ૮૦ લાખ રૂપિયા માગેલા. પરંતુ એ મહારાણાને સાથ આપશે કે વિદ્રોહી સરદારોને તે કહી શકાય તેમ નહોતું, કારણ આ પહેલાં પણ તેણે મહારાણાને સાથ આપવાનું વચન દઈ રૂપિયા લઈ લીધેલા અને પાછળથી ફરી ગયેલો. અમરચંદે કૂટનીતિ વાપરી સિંધિયાના એક ફોજી અફસર આહિલબેગને પોતાને પડખે લઇ લીધો. પરિણામે સિંધિયાએ ઉદયપુરને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. મહારાણા અને અન્ય સરદારો સિંધિયા સામે યુદ્ધમાં ઊતરવાને બદલે સંધિ કરવાના મતના હતા, પણ અમરચંદે યુદ્ધનો જ માર્ગ ઈષ્ટ ગણ્યો. મેવાડનું સૈન્ય મરાઠાઓનો સામનો નહિ કરી શકે તે એ જાણતો હતો, સાથે એ પણ જાણતો હતો કે મેવાડે એક વાર નમતું આપ્યું કે મરાઠા હમેશ માટે તેના પર ચડી બેસવાના. કેસરિયા વાઘા, પાઘડીમાં તુલસીની મંજરીઓ અને ગળે રુદ્રાક્ષની માળા નાખી તે જાતે યુદ્ધમાં ઊતર્યો અને એવી બહાદુરીપૂર્વક લડ્યો કે સિંધિયાને છેવટે સંધિ કરવી પડી.

અમરચંદનું સ્વાભિમાન પણ એના શૌર્ય જેટલું જ્વલંત હતું. મહારાણા સાથે કોઈ કારણે ન બનતાં તે પ્રધાનપદ ઠોકરાવી ચાલતો થઈ ગયો. પરંતુ મેવાડની આર્થિક સ્થિતિ બગડતી ચાલી, રાજ્યની અંદર સરદારોએ અને બહાર મરાઠાઓએ પાછું માથું ઊંચક્યું ત્યારે મહારાણા અરિસિંહે જાતે તેને ઘેર જઇને પ્રધાનપદ પુનઃ સ્વીકારવા કહ્યું. અમરચંદે સ્પષ્ટતા કરી કે, 'મને પૂરેપૂરો અધિકાર આપો તો જ હું આવું' આ પરથી મહારાણાએ જવાબ આપ્યો, 'અમારી રાણીઓનું ઝવેરાત માગશો તો પણ અમે ના નહિ પાડીએ,' આથી એ રાજભક્તે ફરી પ્રધાનપદ સ્વીકાર્યું.

મહારાણા અરિસિંહના મૃત્યુ બાદ મહારાણા હમીરસિંહના અમલમાં તેના રણવાસની દાસીઓ બહુ ચડી વાગી હતી. એમાંની રામપ્યારી નામની દાસીએ મર્યાદાભંગ કરતાં અમરચંદે તેને 'રાંડ' કહી ફટકારી. રામપ્યારીએ રાજમાતાના કાન ભંભેરતાં રાજમાતાએ અમરચંદને બોલાવીને ધમકાવ્યો. અમરચંદ કશું જ ન બોલતાં ઘેર ગયો ને પોતાની તમામ માલમિલકત ગાડાં ભરીને રાજમહેલ પર મોકલી આપી. તે પછી થોડા જ સમયમાં કોઇકે તેને ઝેર પાઈ દેતાં તે મૃત્યુ પામ્યો.

રાજસ્થાનના ઇતિહાસલેખક કર્નલ ટૉડે લખ્યું છે, 'મૃત્યુસમયે તેના ઘરમાંથી ખાપણ લાવવાના પૈસા પણ ન નીકળ્યા, જેથી રાજ્યે જ તેના અગ્નિસંસ્કાર કરવા પડ્યા.'